અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૩ માર્ચ ૨૦૨૪, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, ફાગણ સુદ તેરસ

વર્ષ : ૧૫
અંક : ૨૩૨

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭33 e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# કેજરીવાલની ધરપકડના વિરોધમાં દેશભરમાં AAPનું વિરોધ પ્રદર્શન






। નવી દિલ્હી, તા.૨૨ ।

દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ બાદ આમ આદમી પાર્ટી (AAP) દેશવ્યાપી વિરોધ પ્રદર્શન કરશે. આમ આદમી પાર્ટીના નેતાઓ ગોપાલ રાય, સૌરભ ભારદ્વાજ, સંદીપ પાઠક અને આતિશીએ પ્રેસ કોન્ફરન્સમાં આની જાહેરાત કરી અને કહ્યું કે અમારી લડાઈ શેરીઓથી લઈને કોર્ટ સુધી ચાલુ રહેશે. ગોપાલ રાયે કહ્યું કે લાંબા બલિદાન પછી આ દેશને બંધારણ મળ્યું અને તેણે જનપ્રતિનિધિઓને પસંદ કરવાનો અધિકાર આપ્યો, પરંતુ આજે આખો દેશ ચોંકી ગયો છે કે મામલો કોર્ટમાં પેન્ડિંગ હોવા છતાં પીએમ મોદીએ જંગી બહુમતી સાથે ચૂંટાયેલા મુખ્યમંત્રીની ધરપકડ કરી છે. તેમણે કહ્યું કે આજે જાહેરાત કરવામાં આવી છે કે જો કોઈ ભાજપ અને તેની સરકાર વિરુદ્ધ બોલવાની હિંમત કરશે તો તેની ધરપકડ કરવામાં આવશે. ભાજપે કરોડો લોકોનું અપમાન કર્યું છે. આ છે દિલ્હીના બે કરોડ લોકોની ધરપકડ, દેશના લોકતંત્રને પ્રેમ કરનારાઓની ધરપકડ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે જો ભાજપ એવું વિચારે છે કે અરવિંદ કેજરીવાલની ધરપકડ કરીને તેઓ AAPનો નાશ કરશે અને વિપક્ષોને ડરાવી દેશે તો તેઓ ખોટા છે. દરેક વ્યક્તિ સાથે મળીને આ લડાઈ લડશે. અમે નક્કી કર્યું છે કે અમે આજે સવારે ૧૦ વાગ્યે બીજેપી હેડક્વાર્ટર ખાતે આ ધરપકડનો વિરોધ કરીશું. આ પ્રદર્શન દેશભરમાં કરવામાં આવશે. AAPના સાંસદ સંદીપ પાઠકે કહ્યું કે તેઓ ભાજપને કહેવા માંગે છે કે જો તમારામાં હિંમત હોય તો ચૂંટણી મેદાનમાં ઉતરો, તમે ખોટા કેસ કરીને કેમ પાછળથી હુમલો કરી રહ્યા છો. અમે આ દેશ માટે બધું દાવ પર લગાવા આવ્યા છીએ. હવે આ દેશની જનતા વિરુદ્ધ ભાજપ વચ્ચેની લડાઈ છે. તમામ દેશવાસીઓ અને જનતાને વિનંતી છે કે હવે આવીને જણાવો કે દરેક પરિવારમાં એક અરવિંદ કેજરીવાલ છે. દિલ્હી સરકારના મંત્રી અને છઈઁ નેતા આતિશીએ કહ્યું કે ૨ વર્ષની તપાસમાં CBI કે EDને એક પણ પૈસો મળ્યો નથી, પરંતુ ચૂંટણીની જાહેરાત થતાં જ અરવિંદ કેજરીવાલની ધરપકડ કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે બે મુખ્યમંત્રીઓની ધરપકડ કરવામાં આવી છે, એક પાર્ટીનું ખાતું જપ્ત કરવામાં આવ્યું છે. EDને હથિયાર બનાવીને રાજનીતિ કરવાનું બંધ કરો, અમારી લડાઈ રસ્તાઓથી કોર્ટ સુધી જશે. આતિશીએ કહ્યું કે અમે ધરપકડ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. આજે સવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી છે. આ સવાલ પર ગોપાલ રાયે કહ્યું કે આજે અમારો ખુલ્લો વિરોધ છે, જે પણ આ તાનાશાહીની વિરુદ્ધ છે તે દરેકનું સ્વાગત છે. આતિશીએ કહ્યું કે કોંગ્રેસના નેતાઓએ અમને તેમને જાણ કરવા કહ્યું હતું, I.N.D.I.A ગઠબંધનના તમામ લોકો આ લડાઈમાં સાથે છે.

### કેજરીવાલની એક્સાઇઝ પોલિસીમાં કરવામાં આવી છે ધરપકડ

# મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ૬ દિવસના રિમાન્ડ મંજૂર કરાયા

## દિલ્હી લિકર પોલિસી કેસમાં કેજરીવાલ ૨૮ માર્ચ સુધી EDના રિમાન્ડ પર રહેશે : અરવિંદ કેજરીવાલના વકીલ સિંઘવીએ રિમાન્ડનો વિરોધ કર્યો હતો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

દિલ્હી લિકર પોલિસી કેસમાં PMLA કોર્ટે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ૨૮ માર્ચ (૬ દિવસ) સુધી ED રિમાન્ડ પર મોકલી દીધા છે. આ પહેલા ૩ કલાકની સુનાવણી બાદ કોર્ટે નિર્ણય અનામત રાખ્યો હતો. શુક્રવારે બપોરે ૨ વાગ્યે કેજરીવાલને રાઉઝ એવન્યુ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. સુનાવણી બપોરે ૨.૧૫ વાગ્યે શરૂ થઈ અને ૫.૧૫ વાગ્યા સુધી ચાલી હતી. EDએ ૧૦ દિવસના રિમાન્ડની માગણી કરી હતી. સીએમને આ મામલે માસ્ટરમાઈન્ડ ગણાવ્યા છે. સાથે જ દાવો કર્યો છે કે આ કેસ સાથે સંબંધિત ઘણા ઈલેક્ટ્રોનિક પુરાવાઓ કાઢી નાખવામાં આવ્યા છે. ઘણા ફોન તોડી નાખ્યા છે. હવે તેમની ૭ દિવસ સુધી પૂછપરછ થશે. જોકે, કેજરીવાલ નીચલીકોર્ટના હુકમ સામે ઉપલી કોર્ટમાં જઈ શકે છે. આમ આદમી પાર્ટીના વડા અને દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની દિલ્હી એક્સાઈઝ પોલિસી ૨૦૨૧-૨૨ના કથિત કૌભાંડમાં ગુરુવારે ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. અરવિંદ કેજરીવાલને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને તેમના ૧૦ દિવસના રિમાંડ માગવામાં આવ્યા હતા. આમ આદમી પાર્ટીના વડા અને દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની દિલ્હી એક્સાઈઝ પોલિસી ૨૦૨૧-૨૨ના કથિત કૌભાંડમાં ગુરુવારે ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. રાઉઝ એવન્યુ કોર્ટમાં સુનાવણી દરમિયાન EDએ કોર્ટને જણાવ્યું કે અરવિંદ કેજરીવાલ દિલ્હી દારૂ કૌભાંડના કિંગપિન છે. EDએ કહ્યું કે કેજરીવાલ દિલ્હી લિકર પોલિસીની રચનામાં સીધા સામેલ હતા. કેજરીવાલે લાંચ લેવામાં અમુક લોકોની તરફેણ કરી હતી. ગુનામાંથી મળેલી રકમનો ઉપયોગ આમ આદમી પાર્ટીની ગોવાની ચૂંટણી માટે ભંડોળ માટે કરવામાં આવ્યો હતો.

### અરવિંદ કેજરીવાલની ધરપકડ તેમના કરેલા કાર્યોનું પરિણામ

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ (૫૫ વર્ષ)ની ધરપકડ બાદ દેશનું રાજકારણ ગરમાયું છે. ઈડીની ટીમ ગુરુવારે સાંજે ૧૦મીએ સમન્સ સાથે કેજરીવાલના ઘરે પહોંચી અને કથિત લિકર પોલિસી કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં તેમની બે કલાક પૂછપરછ કરી અને તેમની ધરપકડ કરી હતી. આ બધાની વચ્ચે હવે અન્ના હજારેનું પણ નિવેદન સામે આવ્યું છે. અણ્ણા હજારેએ કેજરીવાલની ધરપકડને તેમના કાર્યોનું પરિણામ ગણાવ્યું છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ પર સમાજસેવક અણ્ણા હજારેની પહેલી પ્રતિક્રિયા આવી છે. અણ્ણા હજારેએ યાદ કર્યું કે, કેજરીવાલ એક સમયે તેમની સાથે દારૂના વિરોધમાં અવાજ ઉઠાવતા હતા.અણ્ણાએ એ વાતનું દુઃખ વ્યક્ત કર્યું કે, એક સમયે તેમની સાથે દારૂની વિરુદ્ધ કામ કરનારાઓએ દારૂની નીતિ બનાવવાનું શરૂ કર્યું. મહારાષ્ટ્રમાં તેમના ગામ રાલેગણ સિદ્ધિથી એક નિવેદન જાહેર કરતા હજારેએ કહ્યું, મને ખૂબ જ દુઃખ છે કે અરવિંદ કેજરીવાલ જેવો વ્યક્તિ, જે મારી સાથે કામ કરતો હતો. અમે દારૂ અંગે અવાજ ઉઠાવ્યો હતો, આજે તે દારૂની નીતિ બનાવી રહ્યા છે.

### ૫ વર્ષમાં વડાપ્રધાન મોદીનો આ બીજો પ્રવાસ

# ભૂતાનમાં પીએમ નરેન્દ્ર મોદીને મળ્યું સર્વોચ્ચ નાગરિક સન્માન

## ભૂતાનના રાજા જિગ્મે ખેસર નામગ્યેલ વાંગચુકે તેમની મુલાકાતના પહેલા જ દિવસે એવોર્ડથી સન્માનિત કર્યા



। (એજન્સી) થિમ્પૂ, તા.૨૨ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભુતાનમાં સર્વોચ્ચ નાગરિક સન્માન આપવામાં આવ્યું છે. ભૂતાનમાં આ સન્માન મેળવનાર તે પ્રથમ વ્યક્તિ છે જેમને અન્ય દેશના વડા તરીકે આ પ્રતિષ્ઠિત એવોર્ડ આપવામાં આવ્યો છે. ભૂતાનમાં, 'ઓર્ડર ઓફ ધ ડ્રૂક ગ્યાલ્પો'અત્યારસુધીમાત્રભૂતાનીવ્યક્તિઓનેજ આપવામાં આવ્યો છે. ભૂતાનના રાજા જિગ્મે ખેસર નામગ્યેલ વાંગચુકે તેમની મુલાકાતના પહેલા જ દિવસે પીએમ મોદીને આ એવોર્ડથી સન્માનિત કર્યા છે.

અત્યાર સુધી આ એવોર્ડ માત્ર ચાર પ્રતિષ્ઠિત લોકોને આપવામાં આવ્યો છે. અગાઉ ૨૦૦૮માં આ એવોર્ડ રોયલ ક્વીન આશી કેસાંગ વાંગચુકને આપવામાં આવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ ૧૪૦ કરોડ ભારતીયોનું સન્માન છે. પીએમ મોદીએ આ માટે ભૂતાનના રાજાનો આભાર માન્યો હતો. તમને જણાવી દઈએ કે આ એવોર્ડ માત્ર ભૂતાનના સ્થાપિત પદો માટે જ આપવામાં આવ્યો હતો. તેને લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ ગણવામાં આવે છે. આ પુરસ્કાર ૨૦૦૮માં જ ભૂતાનના ૬૮મા ખેન્પો તેનઝીન ડેટઅપને આપવામાં આવ્યો હતો. ૨૦૧૮ માં જે ખેન્પો ટૂલ્કુ નગાવાંગ જિગ્મે ચોએદ્રાને પણ આપવામાં આવ્યું હતું. જે ખેન્પો ભૂતાનની મધ્ય મઠના સંસ્થાના વડા છે. તમને જણાવી દઈએ કે શુક્રવારે ભૂતાન પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું જોરદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. પરંપરાગત ભારતીય પોશાકમાં સજ્જ ભૂતાનના યુવાનોના જૂથે શુક્રવારે દેશમાં તેમનું સ્વાગત કરતી વખતે વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લખેલા ગરબા ગીત પર ડાન્સ કર્યો હતો.

અગાઉ, વડા પ્રધાન મોદી 'નેબરહુડ ફર્સ્ટ' નીતિ હેઠળ ભૂતાન સાથે ભારતના અનન્ય સંબંધોને વધુ મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે બે દિવસની રાજ્ય મુલાકાતે ભૂતાન પહોંચ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું કે આ મુલાકાત દરમિયાન મોદીનું ખાસ સ્વાગત કરવામાં આવ્યું હતું. ભૂતાનના યુવાનોના એક જૂથે તાજેતરમાં મોદી દ્વારા લખેલા ગીત પર ગરબા રજૂ કર્યા હતા. મોદીએ તેનો ડાન્સ જોયો અને પ્રદર્શનના અંતે તેની પ્રશંસા કરી. પારો એરપોર્ટ પર વડાપ્રધાનનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમનું એરપોર્ટ પર ભૂતાનના વડા પ્રધાન શેરિંગ તોબગેએ સ્વાગત કર્યું હતું. પારો ઈન્ટરનેશનલ એરપોર્ટથી થિમ્પુ સુધીના ૪૫ કિમી લાંબા રૂટને ભારત અને ભૂતાનના રાષ્ટ્રધ્વજથી શણગારવામાં આવ્યો હતો અને રૂટની બંને બાજુ ઉભેલા ભૂતાની લોકોએ વડાપ્રધાન મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

ભૂતાનના વડા પ્રધાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર હિન્દીમાં લખ્યું, "ભૂતાનમાં આપનું સ્વાગત છે, મારા મોટા ભાઈ." મોદીને આવકારવા માટે રાજધાની થિમ્પુમાં મોટા બેનર લગાવવામાં આવ્યા છે. એક નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે આ મુલાકાત બંને પક્ષોને પરસ્પર હિતની દ્વિપક્ષીય અને પ્રાદેશિક બાબતો પર મંતવ્યોનું આદાન-પ્રદાન કરવાની અને બંને દેશોના લોકોના લાભ માટે અમારી પરસ્પર અનુકરણીય ભાગીદારીને વિસ્તૃત અને મજબૂત કરવાના માર્ગો અને માધ્યમો પર વિચાર કરવાની મંજૂરી આપશે. ચર્ચાની તક પૂરી પાડશે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ભારત અને ભૂતાન પરસ્પર વિશ્વાસ, સમજણ અને સદ્ભાવના પર આધારિત અનન્ય અને કાયમી ભાગીદારી ધરાવે છે.

### મોદીના સ્વાગત માટે એરપોર્ટથી રાજધાની થિમ્પૂ સુધી ૪૫ કિલોમીટર સુધી એક જ લાઈનમાં ઉભા રહ્યા લોકો

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભૂતાનના પ્રવાસ પર છે. આજે સવારે પારો એરપોર્ટ પર વડાપ્રધાન મોદીનું ભૂતાનના વડાપ્રધાન શેરિંગ ટોબગેએ સ્વાગત કર્યું. તાજેત્તરમાં જ દાશો શેરિંગ તોબગેએ પણ ૧૪-૧૮ માર્ચ સુધી ભારતનો પ્રવાસ કર્યો હતો. ભારતે પણ ભૂતાનના વડાપ્રધાનની ખાસ મેજબાની કરી હતી. હવે વડાપ્રધાન મોદી ભૂતાન પહોંચ્યા છે તો વડાપ્રધાન મોદીને જોવા માટે ત્યાંના લોકોનો ઉત્સાહ જોવા લાયક છે. વડાપ્રધાનના સ્વાગતમાં લોકો પારો એરપોર્ટથી રાજધાની થિમ્પૂ સુધી ૪૫ કિલોમીટર રસ્તાની બંને તરફ લાઈનમાં જોવા મળ્યા. વડાપ્રધાનનું સ્વાગત કરવા માટે દરેક ઉંમરના નાગરિક ભૂતાનના રસ્તાઓ પર નજરે આવ્યા. વડાપ્રધાન મોદીએ રાજધાની થિમ્પૂ પહોંચ્યા બાદ રસ્તામાં ઉભા રહેલા લોકો સાથે મુલાકાત કરી અને ત્યાં હાજર બાળકો સાથે પણ વાતચીત કરી. વડાપ્રધાન મોદી આ પહેલા ૨૦૧૯માં ભૂતાન ગયા હતા. આ પ્રવાસમાં ભારત અને ભૂતાન વચ્ચે ઘણા કરાર થયા હતા.

## ભાજપે તેના ઉમેદવારોની ચોથી યાદી જાહેર કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

લોકસભા ચૂંટણીને લઈ આજે ભાજપે તેના ઉમેદવારોની ચોથી યાદી જાહેર કરી છે. ચોથી યાદીમાં પુડુચેરી અને તમિલનાડુના લોકસભા ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે ૭ તબક્કામાં યોજાનારી લોકસભા ચૂંટણી ૨૦૨૪નો પ્રથમ રાઉન્ડ ૧૯ એપ્રિલે છે. તમિલનાડુ અને પુડુચેરીમાં લોકસભા ચૂંટણી માટે મતદાન ૧૯ એપ્રિલે જ થશે. જો આપણે ગુજરાતની વાત કરીએ તો ગુજરાત ભાજપે ૪ બેઠકો જેવી કે, મહેસાણા, સુરેન્દ્રનગર, અમરેલી અને જુનાગઢના બેઠકો પર ઉમેદવાર જાહેર કર્યા નથી. આ તરફ રાજ્યની ૨૨ બેઠકોના ઉમેદવાર જાહેર કરી દીધા છે. ભાજપે કોઈમ્બતુરથી તમિલનાડુ ભાજપના અધ્યક્ષ અન્નામલાઈને ટિકિટ આપી છે. જ્યારે ચેન્નાઈ સાઉથથી તમિલિસાઈ સુંદરરાજન, ચેન્નાઈ સેન્ટ્રલથી વિનોજ પી સેલ્વમ, વેલ્લોરથી એ સી શણમુગમ, કૃષ્ણાગિરીથી સી નરસિમ્હન, નીલગિરીથી એલ મુરુગન, પેરમબલુરથી ટી આર પારિવનધર, થોથુક્કુડીથી નૈનર નાગેન્દ્રન, કન્યાકુમારીથી પોન રાધાકૃષ્ણનને ટિકિટ આપી છે. ભારતીય જનતા પાર્ટી (BJP) એ આગામી લોકસભા ચૂંટણી માટે તેના ઉમેદવારોની ચોથી યાદી બહાર પાડી છે. ભાજપે પુડુચેરી લોકસભા સીટ પર એ. નમાસિવાયમ તેના ઉમેદવાર તરીકે છે. આ બેઠક હાલમાં કોંગ્રેસ પાસે છે. કોંગ્રેસના વી. વૈથિલિંગમ અહીંથી સાંસદ છે.

## મોરબી બ્રિજ દુર્ઘટનાના આરોપી જયસુખ પટેલને જામીન મળ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

મોરબી બ્રિજ દુર્ઘટના કેસમાં છેલ્લા ૪૦૦ જેટલા દિવસથી જેલવાસ ભોગવી રહેલા આરોપી જયસુખ પટેલને અંતે જામીન મળ્યા છે. સુપ્રીમ કોર્ટે જયસુખ પટેલને શરતી જામીન આપ્યા છે. ૪૦૦ દિવસ જેટલા સમયથી જેલમાં હતો અને બહાર આવવા હવાતિયા મારી રહયો હતો. તેઓ અનેક કોર્ટમાં અરજી પણ કરી ચુક્યા હતા. અંતે તેને આજે સુપ્રીમ કોર્ટે શરતી જામીન આપ્યા છે. જયસુખ પટેલ મોરબી બ્રિજનું સમારકામ અને સંચાલન કરતી કંપની ઓરેવાના સ્ઢ હતા. મોરબી દુર્ઘટનાના પગલે તેની ધરપકડ કર્યા બાદ અંદાજે ૪૦૦ દિવસ કરતા વધુ સમયથી તે જેલમાં હતો. જયસુખ પટેલે જુદી જુદી કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. છેલ્લે ગુજરાત હાઈકોર્ટમાં પણ તેની જામીન અરજી ભગાવવામાં આવી હતી.

## લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસે ત્રીજી યાદી જાહેર કરી દીધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

આગામી લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે કોંગ્રેસે ત્રીજી યાદી જાહેર કરી દીધી છે. પાર્ટીએ ૫૭ ઉમેદવારોના નામની જાહેરાત કરી. પોતાની ત્રીજી યાદીમાં કોંગ્રેસે ગુજરાત, કર્ણાટક, મહારાષ્ટ્ર, પુડુચેરી, રાજસ્થાન, તેલંગણા અને પશ્ચિમ બંગાળની લોકસભા બેઠકો માટે ઉમેદવારોના નામની જાહેરાત કરી. અધીર રંજન ચૌધરીને તેમની હાલની સીટ બહરામપુરથી ટિકિટ અપાઈ છે. અહીં તેમનો મુકાબલો પૂર્વ ભારતીય ક્રિકેટર અને ટીએમસી ઉમેદવાર યુસુફ પઠાણ સાથે થશે. કોંગ્રેસ પાર્ટીએ ગુરુવારે સાંજે લોકસભા ચૂંટણી માટે ગુજરાત અને મહારાષ્ટ્ર સહિત સાત રાજ્યોમાં ૫૭ લોકસભા બેઠકો માટે ઉમેદવારોના નામની જાહેરાત કરી. કોંગ્રેસ પાર્ટીએ આ અગાઉ પહેલી યાદીમાં ૩૯ નામ અને બીજી યાદીમાં ૪૩ નામની જાહેરાત કરી હતી. કોંગ્રેસે અત્યાર સુધી જે સાત નામ જાહેર કર્યા હતા, જેમાં વધુ ૧૧ નામનો ઉમરો થયો છે. કોંગ્રેસે કોને ટિકિટ આપી તેની વાત કરીએ તો, આણંદથી અમિત ચાવડા, છોટાઉદેપુરથી સુખરામ રાઠવા, પાટણથી ચંદનજી ઠાકોર, અમરેલીથી જેની ઠુમ્મર, સુરતથી નિલેશ કુંભાણી, ખેડા બેઠકથી કાળુ ડાભી, જામનગરથી જે.પી.મારવિયા અને દાહોદથી પ્રભા તાવિયાડને ટિકિટ આપવામાં આવી છે.અત્રે જણાવવાનું આજે ભાજપે ત્રીજી યાદીમાં ૯ નામની જાહેરાત કરી હતી.

### અજાણી વ્યક્તિ ચોરી કરી ફરાર

# જીએસટી વિભાગે જપ્ત કરેલી પાન મસાલાના ટ્રકમાંથી ચોરી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨।
શહેરના આંબાવાડી વિસ્તારમાં જીએસટી વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવેલી પાન મસાલાની ટ્રકમાં રહેલો માલસામાન કોઈ અજાણી વ્યક્તિ ચોરી કરી ગઈ હોવા અંગેની ફિયાદ એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. જીએસટી વિભાગના અધિકારીઓએ રાજશ્રી અને કમલા પસંદ પાન મસાલાના બોક્સ તેમજ મીણિયાના થેલા ભરેલી ટ્રક જપ્ત કરી તાડપત્રી સાથે ઢાંકી હતી. તાડપત્રીને કોઈએ કાપી બોક્સ અને થેલા ખોલી કુલ રૂપિયા ૬.૪૭ લાખનો પાન મસાલાનો જથ્થો ચોરી કરી લીધો હતો. એલિસબ્રિજ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. એલિસબ્રિજ વિસ્તારમાં આવેલા જીએસટી ભવનમાં જીએસટી ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા કુસુમ યાદવે પોલીસ સ્ટેશનમાં ફિયાદ નોંધાવી છે કે, ગત નવેમ્બર ૨૦૨૩માં અસલાલીના રાધાકૃષ્ણ એસ્ટેટમાંથી બે ટ્રકને જપ્ત કરવામાં આવી હતી. બંને ટ્રકને આંબાવાડી ખાતે જીએસટી ભવનમાં લાવવામાં આવી હતી. ટ્રકના ડ્રાઈવર અને બીલટીમાં જે કંપનીનું નામ લખ્યું હતું તેમને ટ્રકમાં ભરેલા માલ સામાનનું વેરિફિકેશન કરવા બોલાવ્યા હતા. છતાં તેઓ આવ્યા નહોતા. ૨૮ નવેમ્બરના રોજ તપાસ કરતા તેમાંથી રાજશ્રી અને કમલા પસંદ પાન મસાલા ભરેલા બોક્સ અને મીણિયાના થેલા ભરેલો માલ સામાન હતો. જેને તાડપત્રીથી ઢાંકી દેવામાં આવ્યો હતો. ટ્રકમાં રહેલા માલસામાનમાં લાગતા વળગતા કંપની અને ટ્રેડર્સને આ મામલે નોટિસ આપી અને જાણ કરવામાં આવી હતી. તેમ છતાં કોઈ હાજર રહ્યું નહોતું. ટ્રકને છોડાવવા માટે પણ કોઈ આવ્યું નહોતું.

### ગરીબ વિદ્યાર્થીઓને સાયકલો આપવામાં પણ ભ્રષ્ટાચાર

# મહેસાણામાં નવી નક્કોર સરકારી સાયકલો ભંગારમાં વેચી નાંખી

। (એજન્સી) મહેસાણા, તા.૨૨।
મહેસાણામાં નવી નક્કોર સરકારી સાયકલો ભંગારમાં વેચાઈ હોવાનું સામે આવ્યું છે. સરકારી સાયકલો ગરીબ બાળકોને આપવામાં આવે છે. શાળા પ્રવેશોત્વસવામાં આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓને સરકાર તરફથી શાળા આપવામાં આવે છે. મહત્વનું છે કે સરકાર તરફથી રાજ્યની ગ્રાન્ટ આપવામાં આવેલ શાળાઓના વિદ્યાર્થીને સાયકલ આપવામાં આવે છે.

પ્રાપ્ત સૂત્રો મુજબ ગરીબ વિદ્યાર્થીઓને સહાય કરવા સરકારે વિદ્યાર્થીઓને સાયકલો આપવાની યોજના લાવી હતી. જે અંતર્ગત સરકારે ૬૦૦૦ જેટલી સાયકલોની ખરીદી કરી હતી. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ૫૦ થી ૧૦૦૦ સુધીની સાયકલોની ડિલિવરી કરાઈ હતી. પરંતુ ગરીબ વિદ્યાર્થીઓને સાયકલો આપવામાં પણ ભ્રષ્ટાચાર થયો. અને વિદ્યાર્થીઓ સુધી સાયકલો પંહોચી નહી. કહેવાય છે કે સરકારે એક સાયકલની ખરીદીમાં અંદાજે ૨૯૦૦ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્વસ વખતે બાળકોને સાયકલો આપવામાં આવતી હોય છે. પરંતુ આ સાયકલો વિદ્યાર્થીઓ સુધી ના પંહોચતા મહેસાણાના ભંગારધામમાં પંહોચી ગઈ. અને કરોડો રૂપિયાનો ખર્ચ કરેલ નવી નક્કોર સરકારી સાયકલો ભંગારમાં વેચાઈ. સરકાર ગરીબો, ખેડૂતો અને મહિલાઓ માટે અનેક યોજનાઓ લાવે છે પરંતુ તેમના સુધી કોઈ સુવિધા નથી પંહોચતી. આ છે વિકાસ..

### અમદાવાદમાં વર્ચસ્વની લડાઈમાં ગેંગવોરની આશંકા

# વસ્ત્રાલના ઉમિયાનગરમાં બુકાની ધારી અસામાજિક તત્વોનો કહેર

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨।
અમદાવાદ શહેરના રામોલ વિસ્તારમાં ઉમિયા નગરમાં સોસાયટીમાં વર્ચસ્વની લડાઈમાં તોડફોડ મામલે પોલીસે આરોપીની ધરપકડ કરી છે. રામોલ પોલીસે કુલ ૫ આરોપીની ધરપકડ કરી છે. અન્ય ફરાર આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. સાથે જ શા માટે વર્ચસ્વ જમાવવું હતું તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે. ગઈ તારીખ ૯ ફેબ્રુઆરીના રોજ વસ્ત્રાલના ઉમિયાનગરમાં બાઈક પર આવેલા ૧૦ બુકાની ધારી અસામાજિક ટોળાએ ૨૦થી વધુ વાહનોમાં તોડફોડ કરી હતી. જે સમગ્ર ઘટનાના દ્રશ્યો સીસીટીવી માં પણ કેદ થયા હતા. જે મામલે રામોલ પોલીસે ફરિયાદ નોંધી હતી. ત્યારે રામોલ પોલીસે ૫ આરોપીની ધરપકડ કરી છે. જેમાં સંગ્રામ સિકરવાર, મોહીત સેન્દર, અજય સોનકર, શિવમ ચૌહાણ અને અમિતસિંઘ ભદોરિયાની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું કે બે ગેંગ વચ્ચે વર્ચસ્વની લડાઈ છેલ્લા ઘણા સમયથી ચાલી રહી હતી જેને પગલે આ તોડ ફોડ નો આખો બનાવ બનવા પામ્યો હતો જેમાં નિર્દોશ લોકોના વાહનોમાં તોડફોડ કરવામાં આવી હતી પોલીસ ની તપાસ માં સામે આવ્યા મુજબ આ ગેંગ ને આ વિસ્તાર માં પોતાની ધાક જમાવવા ઈચ્છતા હતા.

### રાજ્યમાં અવારનવાર નશાકારક પદાર્થનો જથ્થો ઝડપાતો રહે છે

# આઈસર ટેમ્પોમાં પૂઠાની આડમાં દારૂની હેરાફેરી કરતા ઝડપાયા

। (એજન્સી) સુરત, તા.૨૨ ।
સુરતમાં આઈસર ટેમ્પોમાં પુઠાની આડમાં દારૂની હેરાફેરી થતી હોવાની ઝડપાઈ છે. સુરતમાં પ્લાસ્ટિકના ભંગાર અને પૂઠાની આડમાં દારૂ સહિત ૧૪ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સની ધરપકડ કરવામાં આવી છે.રાજ્યમાં અવારનવાર નશાકારક પદાર્થનો જથ્થો ઝડપાતો રહે છે. ત્યારે સુરતમાં ફરી એક વાર દારુનો જથ્થો ઝડપાયો છે. સુરતમાં આઈસર ટેમ્પોમાં પુઠાની આડમાં દારૂની હેરાફેરી થતી હોવાની ઝડપાઈ છે. સુરતમાં પ્લાસ્ટિકના ભંગાર અને પૂઠાની આડમાં દારૂ સહિત ૧૪ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સની ધરપકડ કરવામાં આવી છે.સુરતમાં આઈસર ટેમ્પામાં પ્લાસ્ટિકના ભંગાર તેમજ પૂઠાની આડમાં થતી દારૂની હેરાફેરીને પીસીબી પોલીસે ઝડપી પાડી હતી. પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે. ટેમ્પો અને દારૂ મળી કુલ ૧૪.૪૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સુરતમાં પીસીબી પોલીસને માહિતી મળી હતી કે ગુજરાત રાજ્ય બહારથી એક આઈસર ટેમ્પામાં વિદેશી દારૂનો જથ્થો ભરેલો આવશે અને તે ટેમ્પો એ.કે.રોડ તરફ જવાનો છે.



હોળીનો તહેવાર નજીકમાં છે ત્યારે હોળીમાં રમવા માટે ગુલાલ અને કલરનું વેચાણ બજારમાં જોવા મળી રહ્યું છે.

### પાર્ટીના વરિષ્ઠ નેતાઓ પર લગાવ્યા ગંભીર આરોપો

# ગુજરાત કોંગ્રેસને વધુ એક ઝટકો, રોહન ગુપ્તાએ આપ્યું રાજીનામું

**મારા અને મારા પરિવાર માટે કપરો કાળ : વ્યક્તિગત જીવનમાં સિનિયર નેતાઓએ આરોપ કર્યા : રોહન ગુપ્તા**

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।
રોહન ગુપ્તાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું છે. પાર્ટીના વરિષ્ઠ નેતાઓ પર ગંભીર આરોપો લગાવ્યા છે. રોહન ગુપ્તાએ અંગત પારિવારીક કારણોને લઈને રાજીનામું આપ્યું છે. નેશનલ સોશલ મીડિયા કો-ઓર્ડિનેટર છે રોહન ગુપ્તા. પિતાની નાદુરસ્ત તબિયત બાદ કેટલાક નેતાઓએ કર્યા હતા રોહન ગુપ્તા પર આરોપ. પક્ષના જ પક્ષના નેતાઓના આરોપોથી વ્યથિત હતા રોહન ગુપ્તા.



રોહન ગુપ્તાએ કહ્યું કે, મારા અને મારા પરિવાર માટે કપરો કાળ. વ્યક્તિગત જીવનમાં સિનિયર નેતાઓએ આરોપ કર્યા. છેલ્લા ત્રણ દિવસથી છબી ખરડવાનો પ્રયાસ થતો હોવાનો આરોપ લગાવ્યો છે. એક નેતાના અહંકારી, અસંસ્કારી વર્તનથી પાર્ટીને નુકસાન થઈ રહ્યું છે. મારી સાથે દગો કરવાનું વ્યવસ્થિત ષડયંત્ર રચાયું છે. મારે મારો અવાજ ઉઠાવવો જરૂરી છે. મારી નમ્રતાને મારી નબળાઈ ન ગણવી જોઈએ. મે મારી ઉમેદવારી પાછી ખેંચીને જીનનો મુશ્કેલ નિર્ણય લીધો હતો. કોંગ્રેસે રોહન ગુપ્તાને અમદાવાદ (પૂર્વ) લોકસભા બેઠક પરથી તેના ઉમેદવાર તરીકે ઉતાર્યા હતા. જોકે તેમણે ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. રોહનના પિતા રાજકુમાર ગુપ્તાએ ૨૦૦૪ની લોકસભાની ચૂંટણી તત્કાલીન અમદાવાદ બેઠક પરથી કોંગ્રેસની ટિકિટ પર લડી હતી, પરંતુ તેઓ નિષ્ફળ રહ્યા હતા. રોહને મંગળવારે (૧૯ માર્ચ) કહ્યું હતું કે તેમના પિતા ચૂંટણી લડવાના તેમના નિર્ણયથી ખુશ ન હતા અને તેમના પર દબાણ લાવવા માટે તેમણે થોડા દિવસો પહેલા કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું હતું અને પાર્ટી સાથેના દાયકાઓ જૂના સંબંધો પણ તોડી નાખ્યા હતા. કોંગ્રેસના નેતા રોહન ગુપ્તા દ્વારા એક્સ પર પોસ્ટ કરી આ અંગે જાણકારી આપવામાં આવી છે. તેમણે એક્સ પર પોસ્ટ કરતા લખ્યું કે, ગંભીર તબીબી સ્થિતિને લીધે, મારા પિતા હોસ્પિટલમાં દાખલ છે અને હું કોંગ્રેસના ઉમેદવાર તરીકે અમદાવાદ પૂર્વ સંસદ બેઠક માટે મારી ઉમેદવારી પરત ખેંચી રહ્યો છું. હું પક્ષ દ્વારા નામાંકિત નવા ઉમેદવારને સંપૂર્ણ સમર્થન આપીશ. રોહન ગુપ્તાના પિતા રાજકુમાર ગુપ્તાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું છે.



હોળી પ્રગટાવીને હોલીકાને ધરાવવા માટે હોલૈયા બનાવીને તૈયાર કરવામાં આવી રહેલ છે.

# પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળથી વિવિધ મુકામ માટે ચલાવી રહ્યું છે હોળી સ્પેશિયલ ટ્રેનો

**અમદાવાદ મંડળ ઉપર હોળી તહેવાર દરમિયાન યાત્રીઓની સુવિધા માટે કરવામાં આવ્યા કેટલાય મહત્વપૂર્ણ પ્રયત્નો**

। અમદાવાદ, તા.૨૨ ।
પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા તથા અગામી હોળી તહેવાર માટે તેમની યાત્રા માંગને પૂરી કરવાના ઉદ્દેશ્યથી પશ્ચિમ રેલવેના વિવિધ સ્ટેશનોથી વિવિધ મુકામ માટે વિશેષ ભાડા પર કેટલીયે સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવી રહી છે. ટ્રેનોના વેઈટીંગ લિસ્ટના રિયલ ટાઈમના આધારે દૈનિક દેખરેખ રાખવામાં આવી રહી છે અને વધારાની ભીડને ઓછી કરવા માટે સમય-સમયે ઉપલબ્ધ ટ્રેનોમાં એક્સ્ટ્રાના કોચ વધારવામાં આવી રહ્યા છે.

હોળીના તહેવાર દરમિયાન રેલવે યાત્રીઓની યાત્રાને સુગમ અને આનંદમય બનાવવા માટે અમદાવાદ મંડળ દ્વારા નીચે લખ્યા મુજબના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે :

- હોળીના તહેવાર દરમિયાન રેલવે ઉપયોગકર્તાઓની સુવિધા તથા કન્ફર્મ આરક્ષણ મળવા માટે અમદાવાદ મંડળ દ્વારા ૧૩ હોળી સ્પેશિયલ ગાડીઓનું સંચાલન કરવામાં આવી રહ્યું છે જેનાથી રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર તથા અન્ય રાજ્યોમાં રહેનારા રેલવે ઉપયોગકર્તાઓ માટે વિશેષ ગાડીઓની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.
- અનરિઝર્વ્ડ યાત્રીઓની સુવિધા અને સુગમ યાત્રા માટે સાબરમતી થી છપરા માટે સંપૂર્ણ પણે અનરિઝર્વ્ડ ટ્રેન ૨૩ માર્ચ ૨૦૨૪ ના રોજ સાબરમતીથી ચલાવવામાં આવી રહી છે. આના સિવાય ૧૩ હોળી સ્પેશિયલ ટ્રેનોમાં પણ મહત્તમ શયનયાન તથા અનરિઝર્વ્ડ કોચની જોગવાઈ કરવામાં આવી છે.
- રેલવે સ્ટેશનો પર ઉપલબ્ધ સેવાઓ જેવી કે ખાન-પાન માટે સ્ટોલ, પીવાનું પાણી, શૌચાલય, વેઈટીંગરૂમ, લિફ્ટ/એસ્કેલેટર, પાર્કિંગ વગેરેની સુવિધાનું વિશેષ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.
- હોળીના તહેવારમાં સ્ટેશન ઉપર સ્ટેશન સંકુલ, ફુટ ઓવર બ્રિજ તથા પ્લેટફોર્મ ઉપર વધારે ભીડ ભેગી ન થાય એ માટે રેલવે સુરક્ષા બળ તથા રાજકિય રેલવે પોલીસના વધારે થી વધારે કર્મચારીઓ અને અધિકારીઓની જમાવટ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.
- રેલવે યાર્ડથી સ્ટેશન ઉપર આવનારી ટ્રેનોના દરવાજા અને બારીઓને બંધ સ્થિતિમાં અને રેલવે સુરક્ષા બળ તથા રાજકિય રેલવે પોલીસના બંદોબસ્તમાં રેલવે સ્ટેશન ઉપર લાવવા આવી રહી છે જેથી કરીને અનરિઝર્વ્ડ કોચની સીટો પર અસામાજિક તત્વો દ્વારા અનધિકૃત કબજો ન કરવામાં આવે.
- પ્લેટફોર્મ પર ટ્રેનના આવ્યા પછી રેલવે સુરક્ષા બળ તથા રાજકિય રેલવે પોલીસ દ્વારા અનરિઝર્વ્ડ કોચમાં સાચી રીતે લાઈન બંદોબસ્ત કરાવીને ટ્રેનમાં બેસાડવામાં આવી રહ્યા છે.
- તમામ ટ્રેનોમાં સાફ સફાઈ તથા કોચમાં પાણીની ઉપલબ્ધતાને સુનિશ્ચિત કરાવાઈ રહી છે.
- યાત્રીઓને સાચી સૂચના મળવા માટે પ્લેટ-ફોર્મ ઉપર ઉદઘોષણા સતત કરવામાં આવી રહી છે સાથે જ ટીવી ડિસપ્લે ઉપર ટ્રેનોના આગમન અને પ્રસ્થાનના સમય તથા પ્લેટફોર્મ નંબરનું સતત પ્રસારણ કરવામાં આવી રહ્યું છે.
- યાત્રીઓને અનરિઝર્વ્ડ ટિકિટ લેવા માટે લાંબી લાઈનોમાં ઊભા ન રહેવું પડે એના માટે અમદાવાદ તથા સાબરમતીમાં અનરિઝર્વ્ડ બુકિંગ કચેરીમાં ૩ વધારાની ટિકિટ બારીઓનું સંચાલન કરવામાં આવી રહ્યું છે.
- આ દરમિયાન રેલવે અધિકારીઓની અમદાવાદ અને સાબરમતીમાં ૨૪ કલાકની સ્પેશિયલ ડ્યુટી લગાવવામાં આવી છે.

# વિદ્યાર્થીઓને મેફેડ્રોન-ચરસ વેચાણ કરતો શખ્સ પકડાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।
શહેરની કોલેજ બહાર નજીક ડ્રગ્સ અને ચરસનો જથ્થો વેચાણ કરનાર શખસોનો આતંક વધી ગયો હોવાની અનેક ફરિયાદો બાદ એસઓજી ઉંઘમાંથી જાગી હતી. એસઓજીએ અમદાવાદ યુનિવર્સિટી પાસેથી એમડી ડ્રગ્સ અને ચરસ વેચાણ કરતા શખશને પકડી પાડ્યો છે. એસઓજીએ એમીડ ડ્રગ્સ, ચરસ મળી કુલ ૭૦ હજારની આસપાસના જથ્થા સાથે એક શખસને પકડી બે શખસોને વોન્ટેડ જાહેર કર્યા છે. શહેરની મોટી યુનિવર્સિટી પાસે જ જો આવા ડ્રગ્સ માફીયા ડ્રગ્સ વેચાણ બિન્ધાસ્ત કરતા હશે તો શહેરની કોલેજો પાસે સ્થિતી શુ હશે તે ચર્ચાનો વિષય બન્યો છે. શહેરની અનેક યુનિવર્સીટીઓ પાસે અમુક ચોક્કસ તત્વો મેફેડ્રોન ડ્રગ્સનું વેચાણ કરતા હોવાની અનેક ફરિયાદો ઉચ્ચ અધિકારીઓને મળી રહી હતી. દરમિયાનમાં અમદાવાદ નવરંગપુરા વિસ્તારમાં આવેલી અમદાવાદ યુનિવર્સિટી પાસેના બસ સ્ટેન્ડ પાસે ૩ શખસો મેફેડ્રોન ડ્રગ્સ વિદ્યાર્થીઓને આપી રહ્યા હોવાનું બહાર આવ્યું હતું. અનેક ફરિયાદ હોવાથી અમદાવાદની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમ રેડ કરવા માટે પહોચી હતી. જેમાં બસ સ્ટોપ નજીકથી વસીમખાન ઉર્ફે મચ્છી મકસુદખાન પઠાણ મળી આવ્યો હતો. તેની પાસેથી નશીલો પદાર્થ મેફેડ્રોન ડ્રગ્સનો ૪ ગ્રામ, ૩૫૦ મિલીગ્રામ એટલે કે, ૪૩ હજારથી વધુનો જથ્થો મળી આવ્યો હતો. આરોપી પાસેથી ૨ ગ્રામ ૩૦૦ મીલી ગ્રામ ચરસ એટલે કે, ૩૫૪ રુપિયાનો વધુ જથ્થો મળી આવ્યો હતો. આમ પોલીસે આરોપી પાસેથી મોબાઈલ, રોકડ અને અન્ય નશીલા પદાર્થના જથ્થા સાથે ૭૦ હજાર જેટલો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# કડીમાં બાવલું પોલીસ સ્ટેશનની હદમાં હાઈ પ્રોફાઇલ જુગારનો અડ્ડો ઝડપાયો

। (એજન્સી) કડી, તા.૨૨ ।
મહેસાણા જિલ્લાના કડીમાં બાવલું પોલીસ સ્ટેશનની હદમાં હાઈ પ્રોફાઈલ જુગારનો અડ્ડો ઝડપાયો છે. બાવલું પોલીસે બાતમીના આધારે વેકરા ગામના ખેતરમાં રેડ પાડી હતી. આ કાર્યવાહી દરમિયાન બે વિદેશી મહિલા સહિત ૨૫ જુગારી ઝડપાયા છે.પોલીસે રેડ પાડતા બે વિદેશી મહિલાઓ ટેબલ પર પત્તા વહેંચીને જુગાર રમાડતી હોવાનું જોવા મળ્યુ હતુ.આ બંને વિદેશી મહિલા સહિત ૨૫ જુગારીઓને પોલીસે ઝડપી લીધા છે. જેમાં મુખ્ય સૂત્રધાર સંજય કાંતિલાલ ઉર્ફે એસ કે પટેલ હોવાનું સામે આવ્યુ છે. સંજય પટેલ બહારથી માણસો બોલાવીને પ્લાસ્ટિકના કોઇનથી ક્લબ ચલાવતો હતો. પોલીસે વેકરા ગામની સીમમાં વહાણવટી ફાર્મ હાઉસમાંથી આ હાઈ પ્રોફાઈલ જુગારધામને ઝડપી લીધો છે. પોલીસે ૨.૫૮ લાખ રોકડ અને મોંઘી અલગ અલગ કાર સહિત પોલીસે કુલ ૬૭ લાખનો મુદ્દામાલ ઝડપી લીધો છે. પોલીસે સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

# દ્વારકા જઈ રહેલા સંઘને ફૂડ પોઈઝનિંગ, પોતાના રસોડાનું જમતાં તબિયત બગડી

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૨૨ ।
સુરેન્દ્રનગરના વિજળીયા ગામથી ૧૦૦ માણસોનો સંઘ ચાલીને દ્વારકા જવા નીકળ્યો હતો તેઓ ખંભાળીયા પાસે પહોચ્યો હતો. જ્યા રાત્રી રોકાણ કર્યુ હતું અને જાતે રસોડુ બનાવી યાત્રીકો જમ્યા હતા. રાત્રે યાત્રીકોને ફૂડ પોઈઝનીગની અસર થઇ હતી. ત્યારબાગદ ૮૦ જેટલા લોકોને ફૂડ પોઈઝનિંગની અસર થતા તાત્કાલિક એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી. જેમાં યાત્રીકોને બેસાડીને ખંભાળિયા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હાલ તમામ શ્રદ્ધાળુઓની તબીયાત સુધારા પર હોવાનું તબીબે જણાવ્યુ હતુ. સંઘ દ્વારા પોતેજ રસોડું બનાવી જમવાનું બનાવેલ હોવાની વિગત આવી છે. હાલ તમામ લોકો ખંભાળિયા સિવિલમાં સારાવાર હેઠળ છે જેમની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળ્યુ છે. ફૂડ પોઈઝનિંગ એક પ્રકારનો ચેપ છે જે બેક્ટેરિયા અને વાયરસ દ્વારા ફેલાય છે. જ્યારે બેક્ટેરિયા ધરાવતો ખોરાક ખાવામાં આવે છે, ત્યારે આ બેક્ટેરિયા આંતરડામાં રહેલા સારા બેક્ટેરિયાને બહાર કાઢે છે. તે પાચનક્રિયાને બગાડે છે. મોટાભાગના ફૂડ પોઈઝનિંગ ગંદા પાણી પીવાથી, એક્સપાયર થયેલ પેકેજ્ડ ફૂડ, ખૂબ લાંબો સમય રાંધવામાં આવેલો ખોરાક ખાવાથી થતા હોય છે. જ્યારે તાપમાન ૩૨ થી ૩૫ ડિગ્રી સેલ્સિયસથી ઉપર હોય ત્યારે બેક્ટેરિયા વધવા લાગે છે. ડોક્ટરના જણાવ્યા મુજબ કોઈપણ વસ્તુ ખાધા પછી પેટમાં તીવ્ર દુખાવો, ઉલ્ટી, અપચો, માથાનો દુખાવો, અતિશય થાક, નબળાઈ અને તાવ જેવા કોઈપણ લક્ષણો ફૂડ પોઈઝનિંગના લક્ષણો હોઈ શકે છે. ફૂડ પોઈઝનિંગ કોઈપણ ઉંમરે થઈ શકે છે, પરંતુ આ સમસ્યાઓ બાળકોમાં વધુ જોવા મળે છે. ઉનાળાની ઋતુ શરૂ થઈ ગઈ છે. આ ઋતુમાં ફૂડ પોઈઝનિંગના મામલા વધુ સામે આવતા હોય છે.

### પ્રારંભિક રજિસ્ટ્રેશનનો ગાળો ૨૫ માર્ચ સુધીનો રહેશે

# અમેરિકાના H-1B visa કેપ માટે રજિસ્ટ્રેશન ગાળો લંબાવવા જાહેરાત

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૨ ।

અમેરિકન સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ (USCIS) એ નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે H-1B કેપ માટે પ્રારંભિક રજિસ્ટ્રેશનનો ગાળો લંબાવવાની જાહેરાત કરી છે. હવે ૨૫ માર્ચ ૨૦૨૪ સુધી રજિસ્ટ્રેશન કરાવી શકાશે. સિસ્ટમમાં કેટલીક ક્ષતિ પેદા થઈ હોવાના કારણે રજિસ્ટ્રેશનનો સમયગાળો વધારવામાં આવ્યો છે. જે લોકોના રજિસ્ટ્રેશનને અસર થઈ છે તેઓ ઓનલાઈન એકાઉન્ટનો ઉપયોગ કરી શકશે. આ ઉપરાંત પસંદગી પામેલા લોકોને ૩૧ માર્ચ ૨૦૨૪ના રોજ જાણકારી આપવામાં આવશે.કેટલાક લોકોની ફરિયાદ હતી કે તેઓ સિસ્ટમમાં ટેમ્પરરી સમસ્યાના કારણે રજિસ્ટ્રેશન કરાવી શક્યા ન હતા. આવા લોકો માટે રાહત આપવામાં આવી છે. USCISએ જણાવ્યું કે તેઓ અસરગ્રસ્ત વ્યક્તિઓને વધારાનો સમય આપીને તેમને સમાવવાનું લક્ષ્ય રાખે છે. આ લંબાવાયેલા સમયગાળા દરમિયાન સંભવિત અરજદારો અથવા તેના રિપ્રેઝન્ટેટિવે દરેક લાભાર્થીની ઈલેક્ટ્રોનિક રીતે નોંધણી કરવા માટે USCIS ઓનલાઈન એકાઉન્ટનો ઉપયોગ કરવાનો રહેશે. આ ઉપરાંત તેમણે દરેક લાભાર્થી માટે સંબંધિત રજિસ્ટ્રેશન ફી પણ ચૂકવવી પડશે. USCIS ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધીમાં




પસંદગીના રજિસ્ટ્રેશનને સૂચિત કરવા માટે પ્રતિબદ્ધ છે એમ ઈમિગ્રેશન એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું. USCISએ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ નવા myUSCIS સંસ્થાકીય એકાઉન્ટ્સ રજૂ કર્યા હતા જે એક સંસ્થાની અંદર અલગ અલગ વ્યક્તિઓ અને તેમના કાનૂની પ્રતિનિધિઓ વચ્ચે H-1B નોંધણીઓ, અરજીઓ અને સંકળાયેલ ફોર્મ I-907, પ્રીમિયમ પ્રોસેસિંગ સેવા માટે સહયોગ આપે છે. આ વર્ષથી H-1B ઈલેક્ટ્રોનિક રજીસ્ટ્રેશન પ્રક્રિયામાં ભાગ લેવા માટે નવા સંસ્થાકીય ખાતાની જરૂર છે. આ નવી પ્રોસેસમાં આગળ કેવી રીતે વધવું તેમાં સંસ્થાઓ અને કાનૂની પ્રતિનિધિઓને ટેકો આપવા માટે USCIS એ ફેબ્રુઆરી ૨૦૨૪માં Tech Talkના સત્રો પણ શરૂ કર્યા હતા. ''આ સત્રો વ્યક્તિઓ માટે સંગઠનાત્મક એકાઉન્ટ્સ અને H-1B પિટિશન માટે ફોર્મ I-129 ની ઑનલાઇન ફાઈલિંગ વિશે સ્પષ્ટતા મેળવવા માટે એક પ્લેટફોર્મ તરીકે કામ કરે છે તેમ USCIS એ જણાવ્યું હતું. એચ-૧બી વિઝા રજીસ્ટ્રેશન પ્રક્રિયામાં કરાયેલા તાજેતરના ફેરફારો અમેરિકામાં કામ કરવા ઈચ્છતા ભારતના ટેક વર્કર્સ માટે મહત્વ ધરાવે છે. નવા નિયમ મુજબ H-1B રજિસ્ટ્રેશન માટેની સિલેક્શન પ્રક્રિયા ફક્ત રજિસ્ટ્રેશન દ્વારા જ નહીં, પરંતુ વ્યક્તિગત લાભાર્થીઓને પ્રાથમિકતા આપે છે. H-1B વિઝા માટે વિદેશી કામદારોને સ્પોન્સર કરવા માંગતા અમેરિકન એમ્પ્લોયરોએ નોંધણી પ્રક્રિયાના ભાગ રૂપે દરેક લાભાર્થી માટે વિગતવાર માહિતી પ્રદાન કરવી પડશે. તેમાં પાસપોર્ટની માહિતી અથવા વેલિડ ટ્રાવેલ ડોક્યુમેન્ટ જેવી મુખ્ય વિગતોનો પણ સમાવેશ થાય છે. જેઓ તેમાં ઈચ્છા ધરાવતા હોય તેઓ USCISના ઓનલાઈન એકાઉન્ટ દ્વારા H-1B પિટિશન માટે નોન-ઈમિગ્રન્ટ વર્કર માટે ફોર્મ I-129 અને પ્રીમિયમ પ્રોસેસિંગ સર્વિસ માટે ફોર્મ I-907 એક્સેસ કરી શકે છે.

**ન્યૂઝ બ્રિફ**

## ૩૧ માર્ચે રવિવારે બેન્કોમાં કેટલીક બ્રાન્ચમાં કામકાજ ચાલુ રહેશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ભારતમાં ૩૧ માર્ચે નાણાકીય વર્ષ સમાપ્ત થતું હોય છે તેથી બેન્કોએ તે સમયે ભારે કામકાજ રહે છે. આ વખતે ૩૧ માર્ચે રવિવાર હોવા છતાં બેન્કોમાં કેટલીક બ્રાન્ચમાં કામકાજ ચાલુ રહેશે. તેનાથી વિપરીત પહેલી એપ્રિલના રોજ સોમવાર છે, પરંતુ તમામ બેન્કો તે દિવસે કામ બંધ રાખશે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના તમામ રિસિપ્ટ અને પેમેન્ટનું એકાઉન્ટ કરવા માટે સરકારે બેન્કોને ૩૧ માર્ચે ચાલુ રહેવા સૂચના આપી છે. જોકે, આ માત્ર એવી બેન્કો માટે છે જ્યાં સરકારી રિસિપ્ટ અને પેમેન્ટ થાય છે. આરબીઆઈએ આ વિશે ૨૧ માર્ચે નોટિફિકેશન પણ બહાર પાડ્યું છે. તમામ બેન્કોની બધી બ્રાન્ચ ૩૧ માર્ચ, રવિવારે ખુલી નહીં રહે. માત્ર એજન્સી બેન્કોની ચોક્કસ બ્રાન્ચ જ ટ્રાન્ઝેક્શન માટે ઓપન રહેશે. આરબીઆઈએ તમામ બેન્કોને સૂચના આપી છે કે કઈ બેન્ક સર્વિસ ચાલુ રહેશે તેની પબ્લિસિટી કરવામાં આવે. સરકારનો તમામ જનરલ બેન્કિંગ બિઝનેસ આરબીઆઈ દ્વારા અને કોમર્શિયલ બેન્કો દ્વારા થાય છે. તેમાં પ્રાઈવેટ અને પબ્લિક બંને બેન્કો સામેલ છે. આરબીઆઈના એક્ટ મુજબ કોઈ પણ શિડ્યુલ્ડ કોમર્શિયલ બેન્કને ભારતમાં કોઈ પણ જગ્યાએ એજન્ટ તરીકે નિયુક્ત કરી શકાય છે. આ બ્રાન્ચ પર સરકારી ટ્રાન્ઝેક્શન થાય છે. હાલમાં તમામ સરકારી બેન્કો અને કેટલીક પ્રાઈવેટ સેક્ટરની બેન્કો આરબીઆઈની એજન્ટ છે. પરંતુ તેની ચોક્કસ બ્રાન્ચમાં જ સરકારી બેન્કિંગ બિઝનેસ થાય છે.

## પાકિસ્તાનમાં ધડાકા થયા પણ ઈજાગ્રસ્ત થયું ચીન



। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૨ ।

ચીનમાં બેઠેલા શી જિનપિંગને મોટો ઝટકો લાગ્યો છે. હુમલો પાકિસ્તાનની ધરતી પર થયો, પરંતુ ઘાયલ ચીન થયું છે. આવું એટલા માટે કહીએ છીએ કારણ કે બલુચિસ્તાનમાં જિનપિંગના ડ્રીમ પ્રોજેક્ટ સીપેક યોજના પર સંકટ આવી ગયું છે. બલુચ આર્મીએ આ વખતે ગ્વાદર પોર્ટ પર મોટો હુમલો કર્યો છે. જેના કારણે શાહબાઝ શરીફ જ નહીં પરંતુ જિનપિંગનું પણ બ્લડપ્રેશર હાઈ થઈ ગયું છે. આ હુમલો એટલો મોટો હતો કે, ભારતને કંઈ પણ કર્યા વિના મોટી સફળતા હાથ લાગી છે. આ હુમલામાં ચીનની આબરું, રૂપિયા અને રણનીતિ તમામ ધ્વસ્ત થઈ ગઈ છે. હકીકતમાં બચુચિસ્તાન લિબરેશન આર્મીએ ચીનની સીપેક પરિયોજનાની લાઈફલાઈન કહેવાતા ગ્વાદર પોર્ટ પર હુમલો કરી દીધો છે. પાકિસ્તાનમાં ગ્વાદર પોર્ટ ઓથોરિટી કોમ્પ્લેક્ષ ભારે ગોળીબાર અને વિસ્ફોટના અવાજથી ધ્રુજી ઉઠ્યું હતું.

### ગુજરાત યુનિવર્સિટી મારામારી કેસ

# અફઘાનિસ્તાનનું ડેલિગેશન ગુજરાત યુનિવર્સિટી પહોંચ્યું

**અફઘાનિસ્તાનના ડેલીગેશને સિન્ડિકેટ રૂમમાં અફઘાનિસ્તાનના વિદ્યાર્થીઓ સાથે જ બેઠક કરી હતી**

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

ગુજરાત યુનિવર્સિટીમાં વિદેશી વિદ્યાર્થીઓ સાથે થયેલી મારામારીની ઘટનામાં અફઘાનિસ્તાનનું ડેલિગેશન ગુજરાત યુનિવર્સિટી પહોંચ્યું હતું. કુલપતિ નીરજા ગુપ્તાએ જ અફઘાનિસ્તાનના ડેલિગેશનને બેઠક માટે બોલાવ્યું હતું. હોસ્ટેલ બાદ અફઘાનિસ્તાનનું ડેલિગેશન કુલપતિની ઓફિસ પહોંચ્યું હતું. અફઘાનિસ્તાનના ડેલીગેશને માત્ર કુલપતિ ઓફિસની બાજુમાં આવેલા સિન્ડિકેટ રૂમમાં અફઘાનિસ્તાનના વિદ્યાર્થીઓ સાથે જ બેઠક કરી હતી. બાદમાં ડેલીગેશન પોલીસ કમિશનર કચેરીએ CP જી.એસ. મલિકને મળવા રવાના થયું હતું.







અફઘાનિસ્તાન ડેલીગેશનના ઝાકિયા વર્દિકે જણાવ્યું હતું કે, અફઘાનિસ્તાન અને ભારતના સંબધો ઘણા મજબૂત છે, આ ઈસ્યુને મોટો કરવાની જરૂર નથી અથવા તો રાજનૈતિક રંગ આપવાની જરૂર નથી. અફઘાનિસ્તાનના વિદ્યાર્થીઓ અહીં પાંચ વર્ષથી અભ્યાસ કરે છે. અમે વિદ્યાર્થીઓને મળી તેમની સાથે વાતચીત કરી છે. તેઓએ કહ્યું છે કે, અમને અહીં કોઈ સમસ્યા નહીં થાય. હજી અમે પોલીસ કમિશનર અને વાઈસ ચાન્સેલરને પણ મળીશું.

અહીંયા અમારા સ્ટુડન્ટ્સ સુરક્ષિત છે. કોઈ એક ઘટના બની ગઈ હતી પણ આપણે તે ઘટનાને મોટી કરવાની જરૂર નથી. અમારા સ્ટુડન્ટ્સ માટે ભારત ઘર સમાન છે. એના લોકો અમારા ભાઈ-બહેન છે. કોઈ એક ઘટનાને પોલિટિકલ રંગના આપવો જોઈએ. કેમ કે, ભારત અને અફઘાનિસ્તાનના સંબંધો બહુ જૂના અને મૈત્રીપૂર્ણ રહ્યા છે. અમારા સ્ટુડન્ટસ અહીંયા પાંચ વર્ષ કરતા પણ વધુ વર્ષથી ભણી રહ્યા છે, તેમને અહીંયા સારું લાગી રહ્યું છે. ખાલી એક ઘટના બની છે તેના માટે અને કમિશનર ઓફ પોલીસને મળીશું. વધુમાં જણાવ્યું હતું કે, ચિંતા જેવી કોઈ બાબત નથી.

છેલ્લા પાંચ વર્ષથી અમારા વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ કરી રહ્યા છે. તેઓ બધા સાથે ભાઈચારો રાખીને રહે છે. કોઈ મોટી ચિંતા નથી. યુનિવર્સિટી અને વિદ્યાર્થીઓ એકદમ ફ્રેન્ડલી છે. અમારા વિદ્યાર્થીઓ માટે આ બીજું ઘર છે, અમને ભારતના ન્યાયમાં વિશ્વાસ હોવાથી અમારે ચિંતા કરવાની જરૂર નથી. છેલ્લા ૨૦-૨૫ વર્ષથી અમારા વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ માટે આવે છે અને કોઈ તકલીફ નથી. જો ભવિષ્યમાં કોઈ એવી ઘટના બનશે તો પોલીસ કમિશનરની મદદ લેવાશે, અમે તમામ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સુરક્ષા ઈચ્છીએ છીએ.

તમામ ભારતીયો અમારા ભાઈ-બહેન છે. અમે આ મુદાને મોટો અને રાજકીય બનાવવા માગતા નથી. બધું સરસ જ છે. કોઈ ચિંતા કરવાની જરૂરી નથી. ભારત સરકાર મૈત્રીપૂર્ણ વ્યવહાર કરે છે.




વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભૂતાનના પારો ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

**આઈપીએલના રસિયાઓ માટે ખુશખબર**

## અમદાવાદ મેટ્રોનો સમય લંબાવાયો, સ્પેશિયલ ટિકિટ લોન્ચ કરવામાં આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

આઈપીએલ રસિયાઓ માટે આજથી ઈન્ડિયન પ્રિમિટર લીગ ૨૦૨૪નો પ્રારંભ થવા જઈ રહ્યો છે. ચેપોક સ્ટેડિયમ ખાતે ચેન્નઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે મેચ રમાવાની છે. જ્યારે તારીખ ૨૪ માર્ચના રોજ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઈટન્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે મેચ રમાનાર છે. પરંતુ આઈપીએલ મેચો રાત્રે હોવાથી લોકોને તકલીફ ના પડે તેના માટે મેટ્રોનો સમય લંબાવવાનો નિર્ણય કર્યો છે. અમદાવાદમાં IPL ક્રિકેટ મેચોને લઈને મેટ્રો ટ્રેનનો સમય લંબાવવામાં આવ્યો છે. ૩૧ માર્ચથી ૪ એપ્રિલ સુધી મેટ્રો ટ્રેનનો સમય સવારે ૬:૨૦થી રાત્રીના ૧૨ વાગ્યા સુધી ચાલુ રહેશે. અમદાવાદમાં IPL મેચના



દિવસે મેટ્રો દ્વારા ૫૦ રૂપિયાની કિંમતે સ્પેશ્યલ પેપર ટીકીટ પણ લોન્ચ કરવામાં આવશે. આ ઉપરાંત, જીએમઆરસીએ મેટ્રોના મુસાફરોને મુશ્કેલી ન પડે તે માટે દર્શાવેલ IPL મેચોના દિવસોમાં પરત ફરવા, સ્પેશ્યલ પેપર ટિકિટ બહાર પાડેલ છે. સ્પેશિયલ પેપર ટિકિટની વિશેષતાઓ નીચે મુજબ છે. સ્પેશિયલ પેપર ટિકિટનું ભાડું વ્યક્તિ દીઠ ફ્લેટ ૫૦ રૂપિયા હશે. જેનો ઉપયોગ મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન અને સાબરમતી મેટ્રો સ્ટેશનથી અમદાવાદ મેટ્રોના કોઈપણ સ્ટેશન માટે થઈ શકશે.

**હોળી-ધુળેટીનો તહેવાર નજીકમાં છે ત્યારે**

## ધુળેટીના દિવસે ૨૦૦થી 300% ઇમર્જન્સી કેસમાં વધારાની શક્યતા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

રાજ્યમાં હોળી અને ધુળેટીના પર્વ દરમિયાન મારામારી અને નાની-મોટી અકસ્માતની ઘટનાઓ બનતી હોય છે. સામાન્ય દિવસો કરતાં હોળી-ધુળેટીના પર્વ દરમિયાન ૩૦ ટકા ઈમર્જન્સી કેસોમાં વધારો થવાની શક્યતાના પગલે ૧૦૮ ઈમર્જન્સી સેવા દ્વારા એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. તમામ ૮૦૦ જેટલી એમ્બ્યુલન્સો સતત ૨૪ કલાક કાર્યરત રહેશે. ચાર મુખ્ય શહેરો અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ તેમજ અરવલ્લી, ભરૂચ, ભાવનગર, દાહોદ, મહીસાગર, મોરબી, પંચમહાલ, પોરબંદર અને વલસાડ જિલ્લાઓમાં હોળી અને ધુળેટીના તહેવારો




દરમિયાન ઈમર્જન્સી કેસોમાં મુખ્ય વધારો થઈ શકે છે. ૧૦૮ ઈમર્જન્સી સેવાના ચીફ ઓપરેટિંગ ઓફિસરએ જણાવ્યું હતું કે, ૨૪ અને ૨૫મી માર્ચના રોજ હોળી અને ધુળેટીના આગામી તહેવારમાં કેસો વધશે. ધુળેટીના તહેવારના દિવસે ૨૦૦થી ૩૦૦ ટકા ઈમર્જન્સી વધારો થશે. એક અંદાજ અનુસાર ઈમર્જન્સીમાં હોળીના દિવસે ૮.૨૦ ટકા અને ધુળેટીના દિવસે ૨૯.૯ ટકા વધારો થવાની શક્યતા છે, જે અનુક્રમે ૪૦૧૩ અને ૪૭૮૮ ઈમર્જન્સી હશે.

### મુસ્લિમોને આનાથી કોઈ લાભ નહીં મળે : મૌલાના

## મુસ્લિમોએ કેજરીવાલના સમર્થનમાં વિરોધ પ્રદર્શનથી દૂર રહેવું જોઈએ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડને લઈને થઈ રહેલા વિરોધ પ્રદર્શનને લઈને ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષનું નિવેદન સામે આવ્યું છે. મૌલાના મુફ્તી શહાબુદીન રઝવી બરેલવીએ મુસ્લિમોને વિરોધ પ્રદર્શનથી દૂર રહેવા કહ્યું છે. તેમણે કહ્યું કે કેજરીવાલ માટે કેપ પહેરીને વિરોધ પ્રદર્શનમાં કેટલાક મુસ્લિમો પણ ભાગ લઈ રહ્યા છે. હું તમામને આવા કાર્યક્રમોથી અંતર રાખવા અપીલ કરું છું. મૌલાનાએ કહ્યું કે ઈસ્લામ ધર્મે દારૂને હરામ અને ગેરકાયદેસર જાહેર કર્યો છે. ઈસ્લામ તેના અનુયાયીઓને દારૂ પીવા કે ખરીદવાની પરવાનગી



આપતું નથી. જો કોઈ મુસ્લિમ અરવિંદ કેજરીવાલના સમર્થનમાં વિરોધ પ્રદર્શનમાં ભાગ લેશે, તો તે ગેરકાયદેસર પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપનારાઓમાંનો એક ગણવામાં આવશે. આમાં ભાગ લેનાર કોઈપણ મુસ્લિમ શરિયતની નજરમાં ગુનેગાર હશે. તેથી આવા વિરોધ પ્રદર્શનથી દૂર રહો. ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષે કહ્યું કે આ રમઝાન મહિનો ચાલી રહ્યો છે. ખુદાએ આ માસને પોતાનો મહિનો કહ્યો છે.

## IPL ક્રિકેટ મેચ AMTSની માત્ર ૧૦ બસો જ મૂકાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

IPL ક્રિકેટ મેચ દરમિયાન લોકો પાર્કિંગ અને ટ્રાફિકની સમસ્યાના કારણે પોતાના વાહનો લઈને મોટેરા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે આવવાની જગ્યાએ પબ્લિક ટ્રાન્સપોર્ટ એટલે કે મેટ્રો, AMTS અને BRTS બસનો ઉપયોગ કરતા હોય છે. જેમાં મેટ્રો ટ્રેનનો સમય વધારવા અંગેનો નિર્ણય ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનદ્વારા લેવામાં આવ્યો છે અને સ્પેશિયલ ટિકિટ પણ બહાર પાડવામાં આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત AMTSની માત્ર ૧૦ બસો જ મૂકવામાં આવશે. જોકે, દર વર્ષે અને વર્લ્ડ કપ મેચો દરમિયાન બસોનું આયોજન કરવામાં આવતું હોય છે.

### પાંચ દિવસ બાદ જેલમાંથી આવશે બહાર

# સાંપ ઝેર કેસમાં એલ્વિસ યાદવને આખરે હાશકારો : મળ્યા જામીન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

પ્રખ્યાત YouTuber અને બિગ બોસ OTT 2 વિજેતા એલ્વિશ યાદવ સાપ અને સાપના ઝેરની ખરીદી અને વેચાણ સાથે સંકળાયેલા છે. શુક્રવારે NDPSની નીચલી કોર્ટમાં તેની જામીનની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. એલ્વિશને ૫૦ હજાર રૂપિયાના જામીન બોન્ડ પર કોર્ટમાંથી જામીન મળ્યા છે. લકસર જેલમાં ૫ દિવસ વિતાવ્યા બાદ હવે તે ઘરે પરત ફરશે. આ સમાચાર સાંભળ્યા બાદ એલ્વિશ આર્મીમાં ઉજવણીનો માહોલ છે. એલ્વિશના વકીલ પ્રશાંત રાઠીએ મીડિયાને



જણાવ્યું કે તેમણે કોર્ટને જણાવ્યું કે એલ્વિશને આ કેસમાં ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે. તેની પાસેથી એનડીપીએસ એક્ટ હેઠળની કોઈ સામગ્રી મળી આવી નથી. રાહુલ જેની પાસેથી પોલીસને ઝેર મળી આવ્યું હતું, તેને પહેલા જ જામીન મળી ચૂક્યા છે. એલ્વિશની નોઈડા પોલીસે ૧૭ માર્ચે કોબ્રા ઘટના કેસમાં ધરપકડ કરી હતી. એવો આરોપ છે કે યુટ્યુબર્સ રેવ પાર્ટીઓમાં સાપ અને તેનું ઝેર સપ્લાય કરે છે. આટલું જ નહીં એલ્વિશ પર ડ્રગ્સને ફાઈનાન્સ કરવાનો પણ આરોપ હતો. નોઈડા પોલીસે એલ્વિશની ધરપકડ કરીને તેને કોર્ટમાં રજૂ કર્યો હતો. આદેશ મુજબ તેને ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો. એવા અહેવાલો છે કે પોલીસ પૂછપરછ દરમિયાન એલ્વિશે કબૂલ્યું હતું કે તે સાપનું ઝેર સપ્લાય કરતો હતો. એલ્વિશના માતા-પિતાએ તેમના પુત્રને નિર્દોષ જાહેર કર્યો હતો. તેની માતાએ કહ્યું, મારા દીકરાએ કંઈ ખોટું કર્યું નથી. તે ક્યારેય કરશે નહીં.

## તંત્રી લેખ...

### ઈશ્વર માત્ર આપણી ઈમાનદારી અને સચ્ચાઈ જુએ છે આપણો વ્યવસાય કે માર્ગ નહીં

દરેક મનુષ્ય પ્રવૃત્તિ, સ્વભાવ, રુચિ અને વ્યવહારના આધારે બીજા મનુષ્યથી ભિન્ન છે. મનુષ્યની પ્રત્યેક પ્રવૃત્તિ કોઈ એક જન્મનો અભ્યાસ નથી, પરંતુ તે તેના ભૂતકાળના કેટલાય જન્મોની કર્મસમષ્ટિનું પરિણામ છે. અનેક જન્મોમાં મળેલા અનુભવો અને અભ્યાસોના આધાર પર તેના હૃદયમાં વિશિષ્ટ સંસ્કારો ઘનીભૂત થયા હોય છે, જે તેને બીજા મનુષ્યથી અલગ બનાવી દે છે. એ જ પ્રકારે ઈશ્વર સુધી પહોંચવાના માર્ગો પણ ભિન્ન ભિન્ન હોય છે. કોઈ જ્ઞાનમાર્ગી છે તો કોઈને ભક્તિમાં લીન રહેવું સહજ લાગે છે. કોઈ રાજયોગમાં ડૂબેલા છે તો કોઈ માત્ર કર્મમાં ભરોસો રાખે છે, પરંતુ કોઈ એક કેન્દ્રીય સત્તા છે જેની તરફ બધા પોતપોતાના માર્ગ પર ચાલતાં ખેચાતા જાય છે, બધા જ આવો અનુભવ કરે છે. જ્ઞાન, ભક્તિ, યોગ કે કર્મ તેમાં મૂળઆધાર એક જ રહે છે, પરંતુ આગળ જઈને અન્ય ભાવોનો પ્રભાવ આવવો સ્વાભાવિક છે. ભક્તિમાં લીન મનુષ્ય માટે ધ્યાન-સાધનાનાં દ્વાર સ્વયં ખૂલવા લાગે છે. જેમ જેમ જ્ઞાન પ્રાપ્ત થતું જાય છે, પોતાની તુચ્છતા સ્પષ્ટ દેખાવા લાગે છે, પરમશક્તિની સત્તાની ભક્તિમાં શિશ સ્વયં ઝૂકી જાય છે. કર્મ તો તમામ ભાવો સાથે જોડાયેલું જ છે. કર્મયોગીનો આત્મા તો કર્મની જ્વાલામાં કુંદનની જેમ ચળકે છે. મનુષ્ય જે માર્ગ પર ખુદ સહજતા અનુભવે છે, તેણે એના પર જ ચાલવું જોઈએ. પોતાની પ્રવૃત્તિને પલટવાના પ્રયાસ ન કરવા જોઈએ. એક કર્મયોગી પણ પોતાની રીતથી ઈશ્વરને એટલો જ પામી શકે છે જેટલો કે એક રાજયોગી. ના તો જ્ઞાનમાર્ગી શ્રેષ્ઠ છે, ના ઈશ્વરમાં લીન રહેનારો ભક્ત. રવિન્દ્રનાથ ટાગોરે કહ્યું છે - મંદિરની ગંભીર ઉદાસીમાંથી બહાર ભાગીને બાળકો ધૂળમાં રમે છે, ભગવાન તેમને રમતા જુએ છે અને પૂજારીને ભૂલી જાય છે.' ઈશ્વર માત્ર આપણી સચ્ચાઈ અને ઈમાનદારી જુએ છે, આપણો વ્યવસાય કે માર્ગ નહીં. આજના વિવેચન સત્રની શરૂઆત પ્રાર્થના, દીપ પ્રાગટ્ય અને ગુરુના ચરણોમાં નમનથી કરવામાં આવી. ભગવાનની દિવ્ય, મંગલકૃપાથી આપણે ભગવદ્‌ગીતાના અભ્યાસમાં તથા ચિંતનમાં લાગી ગયા છીએ.

### દરેક વસ્તુ અલગ રીતે પ્રકાશને પરાવર્તિત કરે છે અને શોષે છે, જેના પરિણામે આપણને વિવિધ રંગો દેખાય છે



અત્યારે રંગોનો મહિમા ચાલી રહ્યો છે. વસંતઋતુ પૂરબહારમાં ખીલી ઊઠી છે. રંગોના તહેવારની રોનક બજારમાં દેખાઈ રહી છે. ઢગલા મોઢે કેસૂડાના ફૂલો ઠલવાઈ રહ્યા છે. કેસૂડાની કળીએ બેસી ફાગણિયો લહેરાય એવા ગીતો વિસરાતા જાય છે. સાથે સાથે ચૂંટણીની મોસમ પણ ખીલી રહી છે! આ મોસમ તો પાંચ વર્ષમાં એકવાર આવે એટલે પુરી તામઝામ સાથે ચૂંટણીની હોળી પ્રગટાવવા માટે તમામ પક્ષના નામી-અનામી હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ પ્રચાર કરવા રસ્તા પર આવી ગયા છે. પ્રજા નામે પ્રહલાદ હોલિકાના ખોળામાં બેસવા કાયમ તૈયાર જ હોય છે! હવે તો કોણ કોનું દહન કરીરહ્યું છે એ જ ખબર પડતી નથી! ખેર, આપણે તો ભાઈ ઉત્સવપ્રિય માણસો છીએ. શું હોળી-ધૂળેટી કે શું ચૂંટણી, જિંદગી હૈ ખેલ કોઈ પાસ કોઈ ફેલ કરી બધું જ ઉજવવા તત્પર છીએ. પ્રકૃતિ સ્વયં અદ્ભૂત ખેલાડી છે, તેને કોઈ સ્પોન્સરર કે ઈલેક્ટોરલ ફંડની જરૂર નથી! મનફાવે ત્યારે સ્વરૂપ બદલવાની તાકાત પ્રકૃતિમાં છે. એટલે જ દુનિયા પર રાજ કરવા નીકળેલા કાળા કે ધોળા માથાના માનવી હજી કુદરતને નાથી શક્યા નથી. જેટલીવાર કુદરતને કાબૂમાં કરવા ગયા એટલી વાર ઊંધા માથે પટકાયા છે! પ્રકૃતિ રાગ અને રંગોનો અદ્ભૂત ખેલ છે. પ્રકૃતિમાં અપાર વૈવિધ્ય છે. એટલે જ એના સર્જનહારને નતમસ્તક થવું જ પડે છે. સૂર્યોદય અને સૂર્યાસ્ત વખતે આકાશમાં રચાતા રંગોની રંગોળી જોઈએ તો ખબર પડે કે કુદરત તો રોજ રંગોની હોળી ખેલે છે. એના માટે તો રોજ ફાગણ મહિનો જ હોય છે. પ્રકૃતિની રંગછટા તો નિત્યનૂતન જ હોય છે. ચૈત્ર-વૈશાખના પ્રખર તડકા સામે લડવા માટે નેટ પ્રેક્ટિસ કરાવતી રંગીલી મોસમ અત્યારે ચાલી રહી છે. ઉત્સવોની પણ વિશિષ્ટ આબોહવા હોય છે. હોળી-ધૂળેટી રંગોનો તહેવાર છે. રંગવા અને રંગાવાનો ઉત્સવ છે. મન મૂકી ભીંજાઈને મોહે રંગ દે, મોહે રંગ દે કરીને રંગાવા માટેની આતુરતાનો તહેવાર છે. આપણા બધા જ તહેવારોમાં કોઈને કોઈ પૌરાણિક કથા જોડાયેલી હોય છે. તાર્કિક રીતે વિચારીને તો બહુ પ્રતીકાત્મક સંદર્ભો તેની સાથે જોડાયેલા હોય છે. સત્યના માર્ગે ચાલનારને ખૂબ તપવું પડે છે. અગ્નિ પરીક્ષાઓ આપવી પડે છે. ધગધગતા થાંભલાને ભેટવું પડે છે. પ્રતીકાત્મક રીતે વિચારીએ તો અપ્રામાણિકતા, ભ્રષ્ટાચાર, સગાંવાદ વગેરે ધગધગતા થાંભલાઓ જ છે ને! પ્રામાણિક માણસો પ્રહલાદની જેમ અગ્નિપરીક્ષાઓ આપ્યે જાય છે. હવે કોઈ નૃસિંહ અવતાર પ્રામાણિક પ્રહલાદને બચાવવા આવે તમ નથી, તેથી ખુદની લડાઈ જાતે જ લડવાની છે. કહેવાય છે કે અંતે સત્યનો જ વિજય થાય છે. પરંતુ ત્યાં સુધી તો અધમૂઆ થઈ ગયા હોય. દૈવી વૃત્તિનો આસુરી વૃત્તિ અને સદ્‌ગુણોનો દુર્ગુણો પર વિજય થતો હોય એવું સદીઓથી આપણા મનમાં ઠસાવી દેવામાં આવ્યું છે એટલે પ્રજા નામે પ્રહલાદ સદીઓથી ચમત્કારો પર આશા રાખીને બેઠા છે. ક્યારેક ભગવાન અવતાર લેશે અને ક્યારેક આપણો ઉદ્‌ધાર કરશે એમ કરીને જીવે જાય છે. જોકે ગીતામાં શ્રીકૃષ્ણે આડકતરી રીતે કહ્યું છે કે તું જ તારો ઉદ્‌ધાર કરી શકે છે. હવે આપણા રથને હાંકવા શ્રીકૃષ્ણ નહીં આવે, આપણા રથના આપણે જ સારથિ બનવું પડશે. જોકે હોળીમાં દહન કરવા જેવું ઘણું છે. અહંકાર, લોભ, ક્રોધ, માયા, મોહ, ઈર્ષા, ગુસ્સો જેવા આસુરી વિચારોનું દહન થઈ જાય તો વર્ષ આખું રંગોની રંગોળી જ બની જાય.

**જ્યારે હિરણ્યકશ્યપ એક દાનવ કુળમાંથી હતો, અને રાક્ષસી વિચાર ધારા હોવાથી, તે પોતાની જાતથી વધુ કોઇ શ્રેષ્ઠ છે.**

# હોલી ખેલે રઘુવીરા અવધમે હોલી ખેલે રઘુવીરા... એ ગીતના બોલ મુજબ.. બાલક રામ પણ હોલી રમશે!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**પોતાની માતાનું દુખ જોઈ ભક્ત પ્રહલાદ, ભગવાન તે આવું શું કામ કર્યું? એમ પ્રાર્થના અથવા તો ફરિયાદી સંવાદથી ભગવાન સાથે જોડાયાં, અને પછી તો નાની-મોટી બધી જ વાત તે ભગવાનને કહેતાં, અને તેનું નિત્ય સ્મરણ કરતાં**

ફાગણ સુદ પુનમ એટલેકે હોળીનો તહેવાર આવે છે, તો સૌને હોળી ધુળેટીનાં રંગ ભર્યા તહેવારની ખૂબ ખૂબ વધાઈ. હોળીની પૌરાણિક કથાથી આપણે સૌ વાકેફ છીએ, એટલે કે હિરણ્યકશ્યપનો પુત્ર પ્રહલાદ નાનપણથી જ વિષ્ણુ ભક્ત હતો, અને તેને વિષ્ણુ ભગવાન પર અતૂટ શ્રદ્ધા હતી. જ્યારે હિરણ્યકશ્યપ એક દાનવ કુળમાંથી હતો, અને રાક્ષસી વિચાર ધારા હોવાથી, તે પોતાની જાતથી વધુ કોઈ શ્રેષ્ઠ છે, એવું સ્વીકારી શકતો નહીં. તેણે પોતાના પુત્રને પણ કહ્યું કે ભગવાન જેવું કંઇ હોતું નથી, તું મને સંસારનો શ્રેષ્ઠ માની અને મારી ભક્તિ કર, એટલે કે મારાં કહ્યા મુજબ તું જીવ. પરંતુ પ્રહલાદે તેની વાત માની નહીં, અને એને કારણે હિરણ્યકશ્યપ એ પોતાના સગા પુત્રને મારવા માટે ખૂબ બધી કોશિશ કરી, અને છતાં તે કામયાબ થયો નહીં, ત્યારે તેની બહેન હોલિકા, કે જેને અગ્નિ બાળે નહીં તેવું વરદાન હતું, તેણે કહ્યું કે ભાઈ હું એને મારા ખોળામાં લઈને અગ્નિ ઉપર બેસીશ, એટલે તે ભસ્મ થઈ જશે. પરંતુ એવું કંઈ થયું નહીં, હોલિકાને વરદાન હોવા છતાં તે બચી નહીં, અને ભક્ત પ્રહલાદ આબાદ રીતે બચી ગયો,અને પછી પણ હિરણ્યકશિપુ માન્યો નહીં એણે તેનાં દિકરાને કહ્યું કે જો તું કહે છે એમ ઈશ્વર કણ કણ માં હોય તો આ અગન તપતા થાંભલાને બાથ ભરી બતાવ! હું પણ જોઉં છું તને કોણ બચાવવા આવે છે? અને આપણે સૌ જાણીએ છીએ કે એ થાંભલામાંથી ભગવાન નૃસિંહ બહાર આવીને હિરણ્યકશિપુની છાતી ચીરીને એનો વધ કરે છે. નૃસિંહ જયંતી વૈશાખ સુદ ચૌદસે છે, એટલે હોલીકા બચી નહીં, છતાં હિરણ્યકશિપુની આંખ ઉઘડી નહીં! પણ આ દિવસ હોલિકા દહનને નામે ઓળખાય છે, અને અધર્મ પર ધર્મનો કે સત્યનો વિજય થયો, એટલે બીજા દિવસને આનંદ ઉલ્લાસથી ઉજવવા માટે સૌ ગુલાલ ઉડાડીને ધૂળેટી તરીકે ઉજવવામાં આવે છે. પહેલા રાજાઓ ઘણી રાણી રાખતાં હતાં, અને હિરણ્યકશ્યપ ને પણ ઘણી રાણી હતી. એમાંની એક રાણી ના પુત્ર તરીકે ભક્ત પ્રહલાદનો જન્મ થયો. માનીતી અને અણમાનીતી રાણી તરીકે ઓળખાતી આ સ્ત્રીઓ પાસે ઘણી વાર તો રાજા એકવાર જાય, અને પછી ક્યારેય જાય પણ નહીં. એ જ રીતે પ્રહલાદની માતા પાસે પણ તેના પિતા આવતા નહોતાં,અને તેની માતા દુઃખી થઈ જતી. પોતાની માતાનું દુખ જોઈ ભક્ત પ્રહલાદ, ભગવાન તે આવું શું કામ કર્યું? એમ પ્રાર્થના અથવા તો ફરિયાદી સંવાદથી ભગવાન સાથે જોડાયાં, અને પછી તો નાની-મોટી બધી જ વાત તે ભગવાનને કહેતાં, અને તેનું નિત્ય સ્મરણ કરતાં. તેનાથી તેને ઘણું સારું લાગતું, અને તેની મુસીબત સમયે ભગવાન તેની મદદ કરતાં તેમજ બળ બુદ્ધિ પણ વધવા લાગ્યાં. આ ઉપરથી તેને ભગવાન નામનું કોઈ તત્વ છે, અને તે કાયમ મારી રક્ષા કરે છે, તેવો ભરોસો દ્રઢ થઈ ગયો હતો, અને આપણે સૌ જાણીએ છીએ, તેમ ભક્ત પ્રહલાદના રક્ષણ અને ભગવાન કણકણમાં છે,એ સત્ય પુરવાર કરવા માટે ભગવાને નૃસિંહ સ્વરૂપ ધારણ કર્યું અને હિરણ્યકશ્યપનો વધ કર્યો. આપણી શ્રદ્ધા પ્રહલાદ જેટલી પ્રબળ નથી માટે આપણને ઈશ્વર હોવાનાં પ્રમાણો મળતાં નથી! પણ લગભગ બધાંનો અનુભવ હશે કે જ્યારે ચારેબાજુથી સમસ્યાઓ એ ભરડો લીધો હોય અને હવે કંઈ જ થઈ શકે એમ નથી! એવું લાગે એકદમ નિરાશા વ્યાપી જાય, ત્યારે કંઈક એવું થાય અને ક્યાંક આશા કિરણ દેખાય કોઈ હાથ પકડે! કે પછી કોઈ ખભો થાબડી ને આશ્વાસન આપે! ટૂંકમાં એવી કોઈ ઘટના ઘટે જે જીવન પ્રત્યે વધુ એકવાર સકારાત્મક બનાવે અને બમણાં જોશથી આગળ વધવા મક્કમ બનીએ ! બસ એ જ તો ઈશ્વર તત્વ છે જે આપણને એમ તૂટવા દેતું નથી. ભક્તિ એ ભાવનાનો પ્રદેશ છે, એટલે ઈશ્વર છે, અને એ મારું સાંભળે છે,એવો ભાવ રાખીને જો તેને પોકારવામાં આવે તો એ વ્હેલો મોડો સાંભળે છે! પ્રહલાદ આગળ આપણે ભક્ત એવું એક વિશેષણ લગાડીએ છીએ, અને ભક્તિ માટે કોઈ ઉંમર નક્કી કરેલી નથી,પણ આપણે ત્યાં લગભગ ઘરની વડીલ સ્ત્રીઓ પૂજા રુપે ભક્તિ કરતી હોય છે,અને કંઈ ના આવડે તો એ ભગવાન સાથે સંવાદાત્મક રીતે વાતો કરતી હોય છે, તેની સાથે કાલીઘેલી ભાષામાં વાત કરી અને તે પોતાનો ભાવ વ્યક્ત કરે, અને તેની સાથેનું જોડાણ મજબૂત બનાવે છે. પ્રહલાદ ની આટલી આટલી આકરી કસોટી થઈ અને એ પણ નાની ઉંમરમાં છતાં એમનો ઈશ્વર તત્વમાંથી ભરોસો ઓછો થયો નથી! અને આપણે રહ્યા ભોગી! એટલે જરા અમથું આમતેમ થાય ત્યાં આપણી ભરોસાની નાવ ડગમગ ડગમગ થવા લાગે છે એ સત્ય પણ નકારી શકાતું નથી. હોળી ને બીજે દિવસે ધૂળેટી મનાવવામાં આવે છે, હોળી ધુળેટી એટલે રંગોનો તહેવાર. જીવનનાં કેટલાએ રંગો હોય છે, પરંતુ ધુળેટી એ જીવનમાં ખુશીનો રંગ ઘોળે છે. આપણે ત્યાં રાધાકૃષ્ણ પણ વૃંદાવનમાં હોળી રમ્યા હતાં એવા ચિત્રો દ્વાપર યુગના ઈતિહાસમાં હતાં.આજે પણ વ્રજની લઠ્ઠામાર હોલી પ્રસિદ્ધ છે. ધૂળટી આવતાં જ બધે તહેવારની ઉજવણીના ભાગ રૂપે રંગ, ગુલાલ, પીચકારી અને ભાંગ વગેરેની તૈયારી કરવા લાગે છે. એમાં પણ પ્રિયપાત્ર સાથે હોળી રમવાનો લ્હાવો જુદો હોય છે. સામાન્ય રીતે ભાંગ એ વર્તમાન પરિસ્થિતિના બધા જ દુઃખ દર્દ કે સમસ્યા ભૂલી અને માત્ર હોલીની ખુશી મનાવવા માટે પીવામાં આવે છે, ભાંગમાં અફીણના ડોડવા ઘૂંટવામા આવે છે. એટલે એક અલગ પ્રકારની મસ્તી કે નશો મન-મગજમાં છવાઈ જાય છે, અને સઘળા દુઃખદર્દ ભૂલી જવાય છે, એવું બધાં કહેતા હોય છે. આમ હોલી એટલે ઉમંગ, ઉત્સાહ, અને પ્રેમની મસ્તીનો તહેવાર છે, અને નાનાથી માંડી મોટા સુધી દરેક ઉંમરની વ્યક્તિનો એ પ્રિય તહેવાર છે. આપણે ત્યાં ફિલ્મોમાં પણ હોળીના તહેવારને દર્શાવી અને ઉત્તમ ગીત સંગીત પીરસવામાં આવે છે, હોલીના તહેવારની ઉજવણીના ભાગરૂપે એ બધા ગીતો પણ વગાડવામાં આવે છે. શોલે પિક્ચરમાં ધર્મેન્દ્ર અને હેમા માલિનીનુ ગીત હોલી કે દિન ખીલ જાયેંગે... સીલસીલા પિક્ચરનું રંગ બરસે ભીગે ચુનરવાલી, અને બાગબાન ફિલ્મનું હોલી ખેલે રઘુવીરા અવધમે હોલી ખેલે... એ ગીતના શબ્દો મુજબ આ વખતે બાલ રામ અવધમા હોલી રમશે! આ બધા જ ગીતો લોકમાનસમાં હોલી ધૂળેટીના તહેવાર રૂપે જડાઈ ગયા છે. રંગ શબ્દ આવતાં આપણાં સૌના માનસમાં મેઘધનુષ છવાઈ જાય છે, જા,ની,વા,લી, પી, ના, રા,આ ઉપરાંત નિશાળમાં ભણતા ત્યારે શીખવેલું,લાલ પીળો ને જાંબલી મૂળ રંગ કહેવાય,બાકી બધા તો મેળવણીથી થાય, એટલે મેઘધનુષ રંગની ઉત્પત્તિનું મુખ્ય કારણ છે. રંગ એક કલ્પના હતી, એમાંથી વાસ્તવિકતા બની, અને રંગો થકી આજે આપણા સૌના જીવન રંગીન બન્યા છે, અથવા રંગોનો મહત્વનો ફાળો છે એમ કહી શકાય. જરા વિચારીએ તો કે આ રંગ ન હોત તો આપણી જિંદગી આટલી રંગીન હોત ખરી! ભાવને દર્શાવવા માટે પણ આપણે ત્યાં રંગનો ઉપયોગ કરવામાં આવે છે, જુદા જુદા રંગોનો જુદો જુદો ભાવ પણ હોય છે, જેમકે યુવાનીનો રંગ ગુલાબી છે, પ્રેમીઓ પોતાના પ્રેમનો ઈજહાર કરતી વખતે લાલ કે ગુલાબી રંગનું ગુલાબ આપે છે, અને પ્રેમભાવ દર્શાવવા માટે આપણે ત્યાં લાલ કે ગુલાબી રંગનો ઉપયોગ કરવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિ હરિયાળી, ક્રાંતિ, અને શાંતિની નીવ પર ઉભી છે, એવું દર્શાવવા માટે રાષ્ટ્ર ધ્વજ માં પણ ત્રણ રંગ છે. આપણો તિરંગો સૌને જાનથી પ્યારો છે, અને એ ત્રણ રંગમાં બાકીના બધા રંગ ફિક્કા પડી જાય એવી રાષ્ટ્રભક્તિ આપણી હોવી જોઈએ. જય હિન્દ.

**ઇન્દ્રિયોની વૃદ્ધિ ત્યાગથી થાય છે, ભોગથી નહીં, ભોગના માર્ગમાંથી હટાવી ભક્તિમાર્ગ તરફ ઇન્દ્રિયોને વાળજો**

# રાસલીલામાં સ્ત્રી અને પુરુષનું મિલન નથી, પણ પૂર્ણ પુરુષોત્તમ સાથે શુદ્ધ જીવનું આ મિલન છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ગોપીભાવમાં સ્ત્રીત્વ અને પુરુષત્વ નું વિસ્મરણ છે, તન્મય એવા બનો કે દેહભાન રહે નહીં, સ્ત્રીત્વ અને પુરુષત્વનું સ્મરણ બુદ્ધિમાં હશે ત્યાં સુધી કામ દેહમાં રહેલો છે, જ્યારે તે ભૂલાય ત્યારે ગોપીભાવ થાય છે**

રાસલીલાએ ભાગવતનું ફળ છે. રાસલીલામાં સ્ત્રી અને પુરુષનું મિલન નથી, પણ પૂર્ણ પુરુષોત્તમ સાથે શુદ્ધ જીવનું આ મિલન છે. હું પુરુષ છું. હું છું તે યાદ આવે ત્યાં સુધી ગોપીભાવ જાગતો નથી. ગોપીભાવ એ સર્વોચ્ચ ભાવ છે. ગોપીભાવમાં સ્ત્રીત્વ અને પુરુષત્વ નું વિસ્મરણ છે. તન્મય એવા બનો કે દેહભાન રહે નહીં. સ્ત્રીત્વ અને પુરુષત્વનું સ્મરણ બુદ્ધિમાં હશે ત્યાં સુધી કામ દેહમાં રહેલો છે, જ્યારે તે ભૂલાય ત્યારે ગોપીભાવ થાય છે. ભક્તિમાર્ગમાં ભેદનો નાશ કરી અભેદ સિદ્ધ કરવામાં આવે છે. ભક્ત ભક્તિથી ભેદને નાશ કરી શ્રીકૃષ્ણ સાથે એક બને છે. રાસલીલા ભાગવતનું મુખ્ય ફળ છે. પ્રથમ પૂતના એટલે વાસનાનો ક્ષય થાય છે, પછી તૃણાવર્તનો નાશ થાય છે, એટલે રજોગુણનો નાશ થાય છે અને જીવનમાં ખૂબ સાત્વિકતા આવે છે. આમ જોકે એક એક ઈન્દ્રિયને ભક્તિરસથી પુષ્ટિ મળે છે. છેવટે દાવાગ્નિ શાંત થાય છે ત્યારે વેણુગીત સંભળાય છે. આ બધી રાસમાં જવાની તૈયારી છે. ઈશ્વરનું પ્રત્યક્ષ સ્વરૂપ નાદબ્રહ્મમાં તન્મયતા સિદ્ધ થાય એટલે પરબ્રહ્મ મળે છે. વેણુગીતમાં બ્રહ્મચારિણી ગોપીઓ સાથે રાસ છે.યજ્ઞ પત્નીઓના પ્રસંગમાં વિવાહિતા ગોપીઓ સાથે રાસ છે.ગોવર્ધનલીલામાં વાનપ્રસ્થ ગોપીઓ સાથે થશે. એક વખત ગોપ બાળકોને કહ્યું, કનૈયા, અમને ભૂખ લાગી છે. કનૈયાએ ગોપ બાળકોને બ્રાહ્મણો યજ્ઞ કરતા હતા ત્યાં મોકલ્યા, પણ બ્રાહ્મણોએ કંઈ ખાવા ન આપ્યું, પણ બ્રાહ્મણોની પત્નીઓ કનૈયાને ઓળખતી હતી.તેઓ ભોજન સામગ્રી લઈ આવી પ્રભુએ એ યજ્ઞ પત્નીઓનોઉદ્ધાર કર્યો. બ્રાહ્મણો રહી ગયા! માટે અન્નદાનની કોઈને કદી ના કહેશો નહીં.હવે ગોવર્ધન લીલાનો આરંભ થાય છે. ગોવર્ધન લીલા પછી રાસ લીલા આવે છે. ગો એટલે મક્તિ, ગો એટલે જ્ઞાન. ગોવર્ધન લીલામાં જ્ઞાન અને ભક્તિ વધારવાના ઉપાયો બતાવ્યા છે. જ્ઞાન અને ભક્તિ વધે તેનો દેહા ધ્યાસ છૂટે છે. જેનો દેહાધ્યાસ છૂટે તને રાસ લીલામાં પ્રવેશ મળે છે. જ્ઞાન અને ભક્તિને વધારવા ઘર છોડવું પડશે. ગોપ-ગોપીઓ ઘર છોડી ગિરિરાજમાં ગયા છે. ગૃહસ્થાશ્રમનું વાતાવરણ જ્ઞાન ભક્તિનું વિઘ્ન કરનારું છે એ સારું છે, પરંતુ ઘરને તીર્થ જેવું બનાવો એ ઉત્તમ છે. વૃત્તિ થોડી ઓછી કરી નિવૃત્તિ લો. નિવૃત્તિમાં નિવૃત્તિનો આનંદ આવવો જોઈએ. નિવૃત્તિમાં આનંદ મળે તો પ્રવૃત્તિનું ચિંતન કરે છે. માટે નિવૃત્તિનો ભજનાનંદ મેળવવો હોય તો પ્રવૃત્તિનો-લૌકિક સુખનો વિષયાનંદ છોડવો જ પડશે. પ્રવૃત્તિધર્મ છોડ્યા વિના ભક્તિનો ઉદય થતો નથી. ગો એટલે ઈન્દ્રિયો એવો અર્થ પણ થાય છે. ઈન્દ્રિયોની વૃદ્ધિ ત્યાગથી થાય છે, ભોગથી નહીં. ભોગના માર્ગમાંથી હટાવી ભક્તિમાર્ગ તરફ ઈન્દ્રિયોને વાળજો. ઈન્દ્ર એ ઈન્દ્રિયોના અધિપતિ દેવ છે. એટલે જીવ જ્યારે નિવૃત્તિ લઈ પ્રભુભજનમાં બેસે છે ત્યારે તે વિઘ્ન કરે છે. ઉપનિષદમાં વર્ણન આવે છે કે, જે કોઈ સતત બ્રહ્મ ચિંતન કરે તેના ચિંતનમાં વિઘ્ન ઈન્દ્ર કરે છે. એને સતત બીક રહે છે કે,આ ધ્યાનમાં આગળ વધશે તો અમારા માથા ઉપર પગ મૂકીને જશે.એટલે મનુષ્યના સત્કર્મમાં બીજા મનુષ્યો વિઘ્ન કરે છે તેમ સ્વર્ગના દેવો પણ પરમાત્માના ધ્યાનમાં વિઘ્ન કરે છે. જીવ સતત પરમાત્માનું ધ્યાન કરે તો સ્વર્ગના દેવો કરતાં પણ તે શ્રેષ્ઠ બને છે, તેથી દેવો વિઘ્ન કરે છે તે વખતે મારા ગોવર્ધનનાથનો આશ્રય લેજો. ગોવર્ધનલીલા રાસ લીલા ઉપો દ્‌ઘાત છે. ગોવર્ધનલીલામાં પૂજ્ય અને પૂજક એક બને છે. પૂજા કરનાર શ્રીકૃષ્ણ છે. જેની પૂજા થાય છે તે પણ શ્રીકૃષ્ણ છે. ભગવાન પોતે ગિરિરાજમાં પ્રવેશ કરે છે. પૂજ્ય અને પૂજક એક ન બને ત્યાં સુધી આનંદ આવતોનથી આ અદ્વૈતનું પ્રથમ પગથિયું છે રાસલીલા એ ફળ છે. ગોવર્ધન લીલા જ્ઞાન અને ભક્તિને વધારનારી લીલા છે. જ્ઞાન અને ભક્તિ વધે છે, ત્યારે રાસલીલામાં પ્રવેશ મળે છે અને જ્ઞાન અને ભક્તિ વધે છે ત્યારે ઈન્દ્રિયો વાસનાનો વરસાદ વરસાવે છે. પૂજ્ય અને પૂજક, સેવ્ય અને સેવક એક બને ત્યારે બરાબર સેવા થઈ શકે. પરમાત્મા સમાન પવિત્ર થયા વિના પ્રભુપૂજાનો અધિકાર મળતો નથી,તેથી શાસ્ત્રો માં અંગન્યાસ, કરન્યાસ કરવાનો વિધિ છે.દિવાળીના દિવસેગોવર્ધન પૂજા કરવાનો વિધિ છે, કારણ પાછલાં બધાં દુઃખો ભૂલ્યા વિના વેર જતું નથી અને વેર ન જાય ત્યાં સુધી પૂજા થતી નથી. ગોવર્ધનપૂજા વખતે ભગવાન શ્રીકૃષ્ણની ઉંમર સાત વર્ષની હતી.દર વર્ષે નંદબાબા ઈન્દ્ર નો યશ કરતા.આ વખતે પણ તેઓ ઈન્દ્રના થશની તૈયારી કરે છે, ત્યારે કનૈયો પૂછે છે, બાબા, આ શાની તૈયારી થાય છે?નંદબાબા સમજાવે છે કે, ઈન્દ્ર વરસાદ વરસાવે છે, એથી ગાયો માટે ખડ થાય છે. આપણા માટે અનાજ થાય છે. ઈન્દ્ર એ આપણો ઈશ્વર છે. એટલે ઈન્દ્રને રાજી કરવા આ યજ્ઞ કરીએ છીએ. કનૈયો કહે છે, ઊહું, આ મારા ગોવર્ધનનાથ ઈન્દ્રનો પણ ઈન્દ્ર છે. ચાર દિશાના ચાર દેવ છે.પૂર્વમાં જગન્નાથજી, દક્ષિણમાં રામે શ્વરજી,પશ્ચિમમાં દ્વારિકાનાથજી અને ઉત્તરમાં બદરિનાથજી છે, પણ એ ચારેની વચમાં મારો ગોવર્ધનનાથ બેઠો છે. મારો ગોવર્ધનનાથ સર્વનો માલિક, એટલે મધ્યમાં બેઠેલા છે.તે સર્વથી શ્રેષ્ઠ છે. બાબા, તમે આની પૂજા કરો! વળી શ્રીકૃષ્ણ કહે છે, તમે ઘણા વખતથી ઈન્દ્રની પૂજા કરો છો, પણ ઈન્દ્ર દર્શન આપતા નથી. તેથી લાગે છે કે, ઈન્દ્ર કાંઈક અભિમાની છે. ઈન્દ્ર દર્શન દેતા નથી, પણ પિતાજી, આપણો આ ગોવર્ધન પર્વત તો આપણો પ્રત્યક્ષ દેવ છે. માટે ગોવર્ધનનાથ સૂક્ષ્મ રીતે આમાં બિરાજેલો છે. એ આપણાં બધાંનું રક્ષણ કરે છે. બાબા, એ તો જીવતી જાગતી જ્યોત છે. બાબા, તમે ગોવર્ધનની પૂજા કરો!મારા ગોવર્ધનનાથ બધાં ને દર્શન આપશે! આજે ઈન્દ્રનો ગર્વ ઉતારવાનો શ્રીકૃષ્ણે નિર્ણય કરેલો તેથી શ્રીકૃષ્ણ બધાંને સમજાવે છે કે, આ વર્ષે ઈન્દ્રદેવની પૂજા કરવાને બદલે મારા ગોવર્ધનની પૂજા કરીએ. બધાં ગોવર્ધનનાથની પૂજા કરવા તૈયાર થાય છે. કનૈયો કહે, બાબા, મારે ગરીબોને ખવડાવવું છે.તે માટે અન્નકૂટ કરવો છે. શ્રીકૃષ્ણ દરેકને પોતપોતાને ઘરેથી ભાતભાતની સામગ્રી લાવવા કહે છે. દરેકના ઘરેથી અન્ન મંગાવ્યું. જેના ઘરની સામગ્રી નહીં આવે તેને ઘરે અન્નપૂર્ણા પધારશે નહીં. વ્રજવાસીઓને અતિશય આનંદ થયો. કનૈયાએ કહેલું કે બેસતા વર્ષે મારે ગોવર્ધનનાથની પૂજા કરવી છે. વ્રજવાસીઓ બધા ગોવર્ધનનાથ પાસે આવ્યા. જુદા જુદા પ્રકારની સામગ્રીઓ ગાડાંઓમાં ભરીને સાથે લાવ્યા.બ્રાહ્મણો વેદમંત્રો બોલે છે. આજે ભગવાન શ્રીકૃષ્ણ પૂજા કરે છે.પ્રથમ ગોવર્ધનનાથનો અભિષેક કરવા ગોપ બાળકોને જમુનાનું જળ લાવવાનું કહે છે. ગોપ બાળકો થોડું જળ લાવી થાકી જાય છે.તેઓ કનૈયાને કહે, કનૈયા જમુનાજી દૂર છે.તારો દેવ તો મોટો લાંબો-પહોળો છે. અમે તેને ક્યારે નવડાવી રહીશું? શ્રીકૃષ્ણ ગોપ બાળકોને કહે છે, મારો ગોવર્ધન નાથ બહુ જ દયાળુ છે.હમણાં જ તેમાંથી નદીનો પ્રવાહ નીકળશે એટલે આપણે એ જળથી અભિ ષેક કરી લઈશું. કનૈયો ગોવર્ધનનાથને પ્રાર્થના કરે છે,હે ગોવર્ધનનાથ, તમારાં ચરણોમાં ગંગા-જમુના સર્વ રહેલાં છે. કૃપા કરો તે જ સમયે ગિરિરાજ માંથી ગંગાજી પ્રગટ થયાં છે.

# યુઝર્સે કહ્યું કે તું શ્વેતા જેટલી સુંદર નથી

## પલકએ ગયા વર્ષે સલમાન ખાનની ફિલ્મ કિસી કા ભાઈ કિસી કી જાન'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી

અભિનેત્રી શ્વેતા તિવારી ટેલિવિઝનની સૌથી લોકપ્રિય અભિનેત્રીઓમાંની એક છે. તેની પુત્રી પલક તિવારી પણ ઈન્ડસ્ટ્રીમાં પોતાનું સ્થાન બનાવવાનો પ્રયાસ કરી રહી છે. તેણે સલમાન ખાનની ફિલ્મ 'કિસી કા ભાઈ કિસી કી જાન'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. તે સોશિયલ મીડિયા પર પણ ખૂબ એક્ટિવ છે. પલક તેના કામ ઉપરાંત સૈફ અલી ખાનના પુત્ર ઈબ્રાહિમ અલી ખાન સાથે ડેટિંગની અફવાઓને કારણે ચર્ચામાં છે. પલકની સરખામણી ઘણીવાર તેની માતા સાથે કરવામાં આવે છે. હવે, તાજેતરના એક ઈન્ટરવ્યુમાં પલકએ તેની માતા સાથે તેની તુલના વિશે ખુલાસો કર્યો છે. એક મીડિયા રિપોર્ટ મુજબ પલકે કહ્યું છે કે, "મારી માતા સાથે સરખામણી કરવામાં મને ક્યારેય ખરાબ લાગ્યું નથી. કારણ કે હું આવી બાબતો પર બહુ ધ્યાન આપતી નથી. તે મારા માટે ક્યારેય સમસ્યા ન હતી. જો લોકો મને કહે કે હું મારી માતા જેટલી સુંદર નથી, તો તે સારું છે. હું જાણું છું હકીકતમાં મને લાગે છે કે મારી માતા કરતાં વધુ સુંદર કોઈ નથી. હું મારી માતાની સૌથી મોટી ફેન છું. કેટલાક તો એવું પણ કહે છે કે હું મારી માતા જેટલી સારી અભિનેત્રી નથી. પરંતુ મને ઈન્ડસ્ટ્રીમાં આવ્યાને માત્ર બે વર્ષ થયા છે. મને થોડો સમય આપો. તેની માતા વિશે પલક વધુમાં કહે છે કે, "હું ખુશ છું કે મને મારી માતા પાસેથી ઘણું શીખવા મળ્યું છે. હું માત્ર અભિનયની વાત નથી કરતી. તેથી વાસ્તવિક જીવનમાં પણ તે ખૂબ જ સારી વ્યક્તિ છે. હું તેમની પાસેથી શીખવા માંગુ છું કે સ્ત્રી કેવી રીતે બનવું." પલકની માતા શ્વેતા તિવારી ટીવી ઈન્ડસ્ટ્રીની ટોપ અભિનેત્રીઓમાંની એક છે. શ્વેતાએ 'કસૌટી જિંદગી કી', 'બેગુસરાય' જેવી સિરિયલોમાં કામ કર્યું છે. સોશિયલ મીડિયા પર પણ તેના લાખો ફોલોઅર્સ છે. પલક તિવારીએ ગયા વર્ષે સલમાન ખાનની ફિલ્મ 'કિસી કા ભાઈ કિસી કી જાન'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. આ પહેલા તે મ્યુઝિક વીડિયો 'બિજલી-બિજલી'થી ચર્ચામાં આવી હતી. બોલિવૂડમાં પગ મૂકતા પહેલા જ પલકનું નામ સૈફ અલી ખાનના પુત્ર ઈબ્રાહિમ અલી ખાન સાથે જોડાઈ ચૂક્યું છે.



### ટપ્પુ સેના'ની પહેલી મેમ્બરના થશે લગ્ન

# ઝીલ મહેતા બાળપણના મિત્ર સાથે બે રિવાજોથી લગ્ન કરશે

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં સોનુ ભીડેનો રોલ કરી ચૂકેલી ઝીલ મહેતાના હવે લગ્ન થવાના છે. ઝીલ મહેતાએ એક્ટિંગની દુનિયામાંથી તો વિદાય લઈ લીધી છે પરંતુ સોશિયલ મીડિયા થકી તે ફેન્સ સાથે જોડાયેલી રહે છે. થોડા વખત પહેલા જ તેણે બોયફ્રેન્ડે કરેલા પ્રપોઝલનો વિડીયો શેર કર્યો હતો. હવે તેણે પોતાના લગ્નની ડિટેલ્સ વિશે પણ ખુલાસો કર્યો છે. ઝીલ મહેતા તેના બાળપણના મિત્ર આદિત્ય સાથે લગ્ન કરવાની છે. ઝીલ મહેતા ગુજરાતી છે જ્યારે આદિત્ય નોર્થ ઈન્ડિયન બ્રાહ્મણ છે એટલે લગ્ન બે રિવાજોથી થવાના છે. હાલમાં જ આપેલા એક ઈન્ટરવ્યૂમાં ઝીલે પોતાના લગ્ન, લવસ્ટોરી વિશે ખુલાસો કર્યો છે. એક જાણીતા અખબાર સાથેની વાતચીતમાં ઝીલે જણાવ્યું કે, તે અને આદિત્ય વર્ષના અંતે લગ્ન કરી લેશે. લગ્નની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે અને તે ખૂબ ઉત્સાહિત છે. ઝીલના કહેવા પ્રમાણે, તેના લગ્નમાં ચાર-પાંચ ફંક્શન થશે. જેમાં પીઠીથી લઈને મહેંદી અને સંગીતનો પણ સમાવેશ થાય છે. રસપ્રદ વાત તો એ છે કે, ઝીલ અને આદિત્ય સાત નહીં પણ બે જ ફેરા લેશે. ઝીલે જણાવ્યું કે, તેણી ગુજરાતી અને આદિત્ય નોર્થ ઈન્ડિયન બ્રાહ્મણ હોવાથી તેઓ એક ફેરો ગુજરાતી સ્ટાઈલથી અને બીજો નોર્થ ઈન્ડિયન સ્ટાઈલથી લેશે. આ ગ્રાન્ડ વેડિંગમાં ડાન્સ પણ ખૂબ થવાનો છે અને તેની તૈયારી શરૂ થઈ ગઈ છે. ઝીલના કહેવા પ્રમાણે, તેનો અને આદિત્યનો પરિવાર લાંબા સમયથી એકબીજાને જાણે છે. પરંતુ સગપણ માટે ઝીલના માતા પિતા તૈયાર નહોતા. તેઓ ઈચ્છતા હતા કે તેમની દીકરી પોતાના જ સમાજમાં લગ્ન કરે. પરંતુ બાદમાં તેઓ માની ગયા. તેઓ આદિત્યને જમાઈ નહીં પોતાનો દીકરો જ માને છે. ઝીલ મહેતાએ જણાવ્યું કે, તે અને આદિત્ય એકબીજાને કોલેજ કાળથી ડેટ કરી રહ્યા છે. બંને એકબીજાથી ઘણાં અલગ છે પરંતુ તેમના પરિવારના મૂલ્યો સમાન છે.



# ધમાકેદાર રિયાલિટી શો મેડનેસ મચાયેંગેમાં આવ્યો બોબી દેઓલ




### બોબી દેઓલનો ઓનસ્ક્રીન ભાઈ પણ ફિલ્મ એનિમલમાં હતો, તેવી જ રીતે આ નકલી બોબી દેઓલનો એક ભાઈ પણ આ એક્ટિંગમાં જોવા મળ્યો હતો

હુમા કુરેશીએ સોની ટીવીના કોમેડી શો 'મેડનેસ મચાયેંગે'થી ટીવી ડેબ્યૂ કર્યું છે. વાસ્તવમાં હુમા આ શોની જજ છે અને દર વીકેન્ડમાં હુમાની સામે અનેક કોમેડી સ્કીટ અને સ્ટેન્ડ-અપ કોમેડી એક્ટ કરવામાં આવે છે. ઘણી વખત આ કોમેડીથી ભરપૂર શોમાં કેટલીક પ્રખ્યાત ફિલ્મોની પેરોડી પણ રજૂ કરવામાં આવે છે. ગયા અઠવાડિયે હુમાના શોમાં 'જાનવર' નામની રણબીર કપૂરની ફિલ્મ 'એનિમલ'ની પેરોડી કરવામાં આવી હતી અને આ પેરોડીનો આગળનો અભિનય શોના લેટેસ્ટ એપિસોડમાં રજૂ કરવામાં આવ્યો હતો. ફરક માત્ર એટલો હતો કે છેલ્લી વખત આ એક્ટમાં રણબીર કપૂરની 'રણવિજય' હતી અને આ વખતે બોબી દેઓલની 'અબરાર' હતી. કોમેડિયન ગૌરવ દુબે 'જાનવર' (ફિલ્મ એનિમલના પેરોડી એક્ટનું નામ)માં બોબી દેઓલનું પાત્ર ભજવી રહ્યો હતો. એનિમલના ફેમસ ગીતની જેમ આ નકલી 'બોબી દેઓલ' માથા પર ગ્લાસ લઈને સ્ટેજ પર પ્રવેશ્યો હતો. પણ અંદર પ્રવેશતાની સાથે જ તેના માથા પર મૂકેલો કાચ નીચે પડી ગયો. પછી તેણે પોટ, થાળી અને ડોલ તેના માથા પર મૂકી અને ફરી એકવાર તે જ ડાન્સ કર્યો. જેમ બોબી દેઓલનો ઓનસ્ક્રીન ભાઈ પણ ફિલ્મ 'એનિમલ'માં હતો. તેવી જ રીતે આ નકલી બોબી દેઓલનો એક ભાઈ પણ આ એક્ટિંગમાં જોવા મળ્યો હતો, પરંતુ આ ભાઈએ તેના નાના ભાઈને એવી રીતે અપમાનિત કરવાનું શરૂ કર્યું કે બોબી દેઓલનું મૂંગું પાત્ર અચાનક બોલવા લાગ્યું. તેણે તેના ભાઈને કહ્યું કે, મેં તને અનુવાદક તરીકે રાખ્યો હતો, પણ તું તારા કામમાં એટલો બધો ખરાબ નીકળ્યો કે મારે જાતે જ બોલવું પડ્યું. જો કોઈ મારું આટલું અપમાન કરે તો હું ચૂપ કેવી રીતે રહીશ? આગળ જોઈએ તો આ નકલી બોબી દેઓલે તેના પાત્ર વિશે મોટો ખુલાસો કર્યો અને કહ્યું કે ખરેખર અબરાર મૂંગો નથી. ન બોલવું તેની મજબૂરી છે. પરિણીત પુરુષ એક પત્ની સામે બોલી શકતો નથી અને અહીં તેની બે પત્નીઓ છે.



# અલકા યાજ્ઞિકે બિઝનેસમેન સાથે પરિવાર વિરુદ્ધ લગ્ન કર્યા હતા



કોલકાતાના એક ગુજરાતી પરિવારમાં ૨૦ માર્ચ ૧૯૬૬ના રોજ જન્મેલી સિંગર અલકા યાજ્ઞિકને આજે કોઈ ઓળખની જરૂર નથી. તેમની ગાયકી કારકિર્દીમાં તેમણે લગભગ ૧,૧૧૪ ફિલ્મોમાં ૨,૪૮૬ હિન્દી ગીતો ગાયા છે. તમને જણાવી દઈએ કે અલકાએ શિલોંગના મોટા બિઝનેસમેન નીરજ કપૂર સાથે ૧૯૮૯માં લગ્ન કર્યા હતા. આ લગ્નથી બંનેને એક પુત્રી સ્યેશા કપૂર પણ છે. જોકે બહુ ઓછા લોકો જાણે છે કે અલકા વર્ષોથી પોતાના પતિથી દૂર રહે છે. અલકા અને નીરજની પહેલી મુલાકાત ટ્રેનમાં થઈ હતી. બાદમાં બંને મિત્રો બન્યા અને ધીમે ધીમે તેઓ પ્રેમમાં પડ્યા. લગ્ન પહેલા બંનેએ પોતાના

### પોતાના સુરીલા અવાજથી સૌના દિલ જીતી લેનાર

માતા-પિતાને આ અંગે જાણ કરી. જો કે, એવું કહેવાય છે કે જ્યારે નીરજ અને અલ્કાએ લગ્ન કરવાનો નિર્ણય કર્યો ત્યારે બંનેના માતાપિતાએ તેમના નિર્ણયને આવકાર્યો હતો. જો કે, બંનેની અલગ-અલગ ક્ષેત્રની કારકિર્દીને ધ્યાનમાં રાખીને તેમના પરિવારોએ લગ્નનો ઈનકાર કર્યો હતો કારણ કે તેઓ જાણતા હતા કે આગળ શું થવાનું છે. કહેવાય છે કે જ્યારે અલકા નીરજ કપૂર સાથે લગ્ન કરવાની હતી ત્યારે તેના પરિવારજનોએ તેના લગ્નને લઈને એક વિચિત્ર ભવિષ્યવાણી કરી હતી. જો અટકળોની માનીએ તો, બંનેના માતાપિતાએ તેમને ચેતવણી આપી હતી.

### માધુરી દીક્ષિત અને સુનીલ શેટ્ટી હાજર હતા

# અભિનેતા ગોવિંદાએ ૩૭ વર્ષ બાદ કર્યા ફરી લગ્ન



### ગોવિંદા તેની પાર્ટનર એટલે કે પત્ની સુનીતા સાથે ડાન્સ રિયાલિટી શો ડાન્સ દીવાનેના સેટ પર પહોંચ્યા હતો

બોલિવૂડમાં પોતાની શાનદાર કોમિક ટાઈમિંગ અને અદભૂત ડાન્સ મૂવ્સથી લોકોનું દિલ જીતનાર એક્ટર ગોવિંદા આ દિવસોમાં ભલે ફિલ્મી પડદાથી દૂર હોય, પરંતુ ટીવી સ્ક્રીન પર તે અવાર નવાર જોવા મળે છે. અભિનેતાની ફેન ફોલોઈંગમાં આજે પણ કોઈ ઘટાડો થયો નથી અને લોકો હજુ પણ તેની ફિલ્મો જોવાનું પસંદ કરે છે. તાજેતરમાં જ અભિનેતાએ કંઈક એવું કર્યું જેના પર હવે લોકોનું ધ્યાન ગયું છે. વાસ્તવમાં, અભિનેતાએ તેના એક ટીવી શો દરમિયાન લગ્નના ૩૭ વર્ષ બાદ ફરીથી લગ્ન કર્યા છે, આ લગ્નમાં બોલિવુંડ ક્વિન માધુરી દીક્ષિત અને સુનીલ શેટ્ટી આ ખાસ પળના સાક્ષી બન્યા હતા. ગોવિંદા તેની પાર્ટનર એટલે કે પત્ની સુનીતા સાથે ડાન્સ રિયાલિટી શો 'ડાન્સ દીવાને'ના સેટ પર પહોંચ્યા હતો. તે મહેમાન તરીકે શોના સ્પેશિયલ એપિસોડના ભાગ બન્યા હતા. આ સમય દરમિયાન જ તેમણે કોઈ બીજા સાથે નહીં પરંતુ તેની ૩૭ વર્ષની જીવનસાથી એટલે કે તેની પત્ની સાથે ફરીથી લગ્ન કર્યા છે. તેનો વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં માધુરી દીક્ષિત ગોવિંદાને કહે છે કે તેણે ક્યારે લગ્ન કર્યા તેની તેને ખબર પણ ન હતી. આ અંગે દુઃખ વ્યક્ત કરતાં ગોવિંદાની પત્ની સુનીતા કહે છે કે તેમની પાસે લગ્નનો કોઈ ફોટો નથી. આના જવાબમાં માધુરી દીક્ષિત કહે છે કે ફોટા ન હોય તો વાંધો નથી, પરંતુ તમારી પાસે 'ડાન્સ લવર્સ'નો પરિવાર છે, બીજી તરફ વર-કન્યા પણ અહીં હાજર છે, તેથી આજે તેઓ ફરી એકવાર લગ્ન કરી લે. આ પછી સુનીલ શેટ્ટી અને માધુરી ગોવિંદા અને સુનીતા માટે હાર લઈને આવે છે અને પછી ગોવિંદા અને સુનીતાએ ફરીથી એકબીજા સાથે લગ્ન કરે છે. ડાન્સ દીવાને'ના આ ખાસ એપિસોડનું નામ 'ગોવિંદા કી શાદી' રાખવામાં આવ્યું છે. બંનેએ તેમના લગ્નની ક્ષણને ફરીથી જીવંત છે, કારણ કે તેમની પાસે લગ્નની કોઈ યાદ ન હતી. આ અવસર પર દરેક લોકો સેટ પર ઉત્સાહિત દેખાતા હતા. ગોવિંદા અને સુનીતા મેચિંગ જોડીમાં જોવા મળ્યા હતા. ગોવિંદાએ પિંક ચમકદાર કુર્તા-પાયજામા પહેર્યો હતો, તો સુનિતા પણ હેવી પિંક લહેંગામાં જોવા મળી હતી. બંને વચ્ચે પ્રેમથી ભરેલી ક્ષણ પણ જોવા મળી હતી. વર્માલા બાદ બંને એકબીજાને ગળે લગાડતા અને કિસ કરતા જોવા મળ્યા હતા. વર્ષો પહેલા સિમી ગ્રેવાલ સાથેની વાતચીત દરમિયાન ગોવિંદાએ જણાવ્યું હતું કે તે સુનીતાને તેના કાકાના લગ્નમાં પહેલીવાર મળ્યો હતો. ગોવિંદાના કાકા અને સુનીતાની બહેનના લગ્ન થયા હતા. અહીંથી જ બંને પ્રેમમાં પડ્યા અને પછી લગ્ન કરી લીધા, પરંતુ લગ્ન પછીનો સમય ટેન્શન ભરેલો રહ્યો.

# યે રિશ્તા ક્યા કહેલાતા હૈમાંથી લીડ એક્ટર્સ અને એક્ટ્રેસને હટાવ્યા?

યે રિશ્તા ક્યા કહેલાતા હૈમાં અરમાન અને રુહીની ભૂમિકા ભજવી રહેલા અભિનેતા શહેઝાદા ધામી અને પ્રતિક્ષા હોનમુખેને શોમાંથી હટાવી દેવામાં આવ્યા છે. રાજન શાદીના પ્રોડક્શન 'ડિરેક્ટર્સ કટ' દ્વારા પણ આ સંબંધમાં ઓફિશિયલ નિવેદન જાહેર કરવામાં આવ્યું છે. અનુપમા અને યે રિશ્તા ક્યા કહેલાતા હૈ જેવા સુપરહિટ શો બનાવી ચૂકેલા આ પ્રોડક્શન હાઉસે પોતાના નિવેદનમાં લખ્યું છે કે, કોઈ પણ એક્ટર કે ડિરેક્ટર શોથી મોટો નથી. જો કે રાજન શાદી પ્રોડક્શન હાઉસનું આ નિવેદન દરેક જગ્યાએ વાયરલ થઈ રહ્યું છે. પરંતુ સુત્રો પાસેથી ફ૯ હિન્દી ડિજિટલને મળેલી માહિતી અનુસાર શહજાદા અને પ્રતિક્ષાને બહારનો રસ્તો બતાવવાનું બીજું કારણ છે. છેલ્લા કેટલાક સમયથી યે રિશ્તા ક્યા કહેલાતા હૈ સિરિયલમાં અરમાનનું પાત્ર ભજવતા અભિનેતા શહેઝાદા ધામી અને રુહીનું પાત્ર ભજવતી અભિનેત્રી પ્રતિક્ષા હોનમુખે વચ્ચે નિકટતા વધી રહી હતી. સામાન્ય રીતે પ્રોડકશન કલાકારોના અંગત જીવનમાં દખલ કરતું નથી. પરંતુ તેમના સંબંધો પ્રોડક્શન હાઉસ અને અન્ય કલાકારો માટે મુશ્કેલી ઉભી કરી રહ્યા હતા.



### શો ટીઆરપીની ટોપ લિસ્ટમાં આવે છે, ગરવિતા સાધવાનીએ યે રિશ્તા ક્યા કહેલાતા હૈમાં એન્ટ્રી કરી છે, આ શોમાં તે રૂહીનો રોલ કરતી જોવા મળશે



એવું કહેવામાં આવી રહ્યું છે કે બંને એકબીજા સાથે ઘણો સમય વિતાવતા હતા. અને ઘણી વખત તેમના કારણે શૂટિંગ પર ઈફેક્ટ પડતી હતી. આખરે પ્રોડક્શનની ધીરજ ખૂટી ગઈ અને તેણે બંનેને બહારનો રસ્તો બતાવ્યો છે. યે રિશ્તા ક્યા કહેલાતા હૈ'ના સેટ પર છલાંગ લગાવ્યા બાદ ઘણી વખત મીડિયાને 'ઓન લોકેશન' કવરેજ માટે પણ આમંત્રિત કરવામાં આવે છે. જ્યારે અમે આ વિષય પર આ કવરેજ માટે જતા ઘણા પત્રકારો સાથે વાત કરી. પછી તેણે 'ઓફ ધ રેકોર્ડ' કહ્યું કે શાહજાદા અને પ્રતિક્ષાના નખરા દિવસેને દિવસે વધી રહ્યા હતા. ટીઆરપી વધ્યા પછી તેણે સર્જનાત્મક નિર્ણયોમાં પણ દખલ કરવાનું શરૂ કર્યું. આ સંદર્ભમાં એક ઉદાહરણ આપતાં એક પત્રકારે કહ્યું, "જ્યારે ફિલ્મસિટીમાં 'યે રિશ્તાપ'નું આઉટડોર શૂટિંગ ચાલી રહ્યું હતું, ત્યારે શહજાદા અને પ્રતિક્ષાએ પ્રોડક્શન હાઉસને પૂછ્યું કે, લોકેશન પર હાજર વેનિટીમાં નહીં હોય તો અમે રૂમમાં જઈને આરામ કરતા હોઈશું જ્યારે સીન આવે ત્યારે તેઓને બોલાવવામાં આવે.



# હું માફી નહીં માંગુ, સારા ખાનના મંદિર અને મસ્જિદ જવા પર ઉઠ્યા સવાલ

### સારા એક ધર્મનિરપેક્ષ પરિવારમાં મોટી થઇ છે, તેને કહ્યું, મારો જન્મ એક સંપ્રભુ, ધર્મનિરપેક્ષ, લોકતાંત્રિક ગણરાજ્યમાં એક ધર્મનિરપેક્ષ પરિવારમાં થયો

સારા અલી ખાન બોલિવૂડની સ્ટારકિડ છે, જે આજકાલ તેની રીલિઝ થવા જઈ રહેલી ફિલ્મ 'એ વતન મેરે વતન'ને લઈને ચર્ચામાં છે. સારા અલી ખાન એ એક્ટ્રેસ છે, જે પોતાની વાત કહેતાં ખચકાતી નથી. સોશિયલ મીડિયા પર સારા એક્ટિવ છે અને ઘણીવાર પોતાની સરનેમ, મંદિર-મસ્જિદ જવાને લઈને ટ્રોલ્સના નિશાને આવી જાય છે. હાલમાં જ તેણે તે સવાલો પર મૌન તોડીને જવાબ આપ્યો, જે બાદ હવે કદાચ લોકો તેની સાથે હિન્દુ-મુસ્લિમ નહીં કરે. સારા અલી ખાન એક ધર્મનિરપેક્ષ પરિવારમાં મોટી થઈ છે. તેના પિતા સૈફ અલી ખાન મુસ્લિમ પરિવારથી સંબંધ ધરાવે છે, ત્યાં મા અમૃતા સિંહ હિન્દુ છે. હાલમાં જ તેણે ખુલાસો કર્યો કે, પહેલા તે પોતાને દુનિયા સામે પ્રેઝન્ટ કરવાને લઈને દેખાડો કરતી હતી, પરંતુ હવે આ બધું બંધ કરીને તેણે તે ખતમ કરી દીધું છે. તેણે પોતાના સરનેમ અને મંદિર-મસ્જિદ જવા પર ઉઠેલા સવાલોના જવાબમાં શું કહ્યું? સારાનું માનવું છે કે જે સાચુ છે તેના માટે ઉભા રહેવાની ભાવના તેનામાં પેદા થઈ છે. તેણે કહ્યું કે, તેની ધાર્મિક માન્યતાઓ વિશે સવાલ કરવાથી તેને કોઇ સમસ્યા નથી. સારાએ કહ્યું, મારો જન્મ



એક સંપ્રભુ, ધર્મનિરપેક્ષ, લોકતાંત્રિક ગણરાજ્યમાં એક ધર્મનિરપેક્ષ પરિવારમાં થયો. તેને ક્યારેય કંઈ ખોટુ થઈ રહ્યું હોય તો તેના વિશે સ્પષ્ટવક્તા બનવાની જરૂર નથી લાગી કારણ કે તે કારણ વિના બોલવામાં નથી માનતી. પરંતુ જે ખોટુ છે તેની વિરુદ્ધ ઉભા રહેવાની ભાવના મારા અંદર છે. તેથી જો હું આવું ફક્ત મારી સાથે જ નહીં, પરંતુ મારી આસપાસ કોઈની પણ સાથે થતાં જોઈશ, તો હું તેના માટે ઉભી રહીશ. સારાએ જણાવ્યું કે, તેને ફેર પડે છે જો લોકોને તેનું કામ પસંદ નથી આવતું. પરંતુ પર્સનલ વસ્તુઓ તેની પોતાની છે. તેના પર તેનો હક છે. તેણો પોતાની સરનેમ અને ફેમિલી ટ્રી પર પણ વાત કરી. તેણે કહ્યું, મારી ધાર્મિક માન્યતાઓ, મારી ફૂડ ચોઈસ, કેવી રીતે હું એરપોર્ટ પર જઈશ, આ બધો મારો નિર્ણય છે. તેના માટે હું ક્યારેય માફી નહીં માગુ. સારા એક્ટ્રેસ અમૃતા સિંહ અને સૈફ અલી ખાનની દીકરી છે. તે ઘણીવાર મંદિરોની ધાર્મિક યાત્રાઓના ફોટો ક્લિક કરે છે, જેના વિશે તેનું કહેવું છે કે, આ તેના વ્યક્તિત્વનો ભાગ છે. પરંતુ દર્શક તેને અને તેના મિત્રો તથા પરિવારને નથી ઓળખતાં, આ તે લોકોને વિચિત્ર લાગે છે જે તેના વિશે અમથું જ વિચારે છે. સારા કહે છે કે, તેના નજીકના લોકો સમજે છે કે તે ક્યારે નાસમજ થઈ રહી છે અને ક્યારે ગંભીર, પરંતુ તેને લાગે છે કે દર્શક હજુ પણ તેની પબ્લિક પર્સનાલિટીના આ બે પક્ષો સાથે સુમેળ નથી સાધી શક્યા. સારાએ લોકોને કહેલી આ વાતોથી સ્પષ્ટ રીતે સમજાવવાનો પ્રયાસ કર્યો છે કે, મંદિર હોય કે મસ્જિદ, સારા બધામાં આસ્થા ધરાવે છે. હવે સારાએ ક્લિયર કરી દીધું છે કે આ તેની ચોઈસ છે. તેના પર કોઈને સવાલ ઉઠાવવાનો કોઇ હક નથી.

### રાજકોટમાં સિંગતેલના ભાવમાં વધારો

# હોળી પહેલા કપાસિયા અને સીંગતેલના ભાવમાં ભડકો

## સિંગતેલ અને કપાસિયા તેલમાં ૧૧૦થી ૧૪૦નો વધારો સિંગતેલના ડબ્બાનો ભાવ ૨ હજાર ૮૪૦ થયો છે

। (એજન્સી) રાજકોટ, તા.૨૨ ।

હોળી પહેલા ગુજરાતના નાગરિકો પર મોંઘવારીનો માર પડ્યો છે. હોળીના તહેવાર પહેલા કપાસિયા તેલ અને સીંગતેલના ભાવમાં ભડકો થયો છે. સીંગતેલમાં ડબ્બામાં સટ્ટાકીય ભાવ વધારો નોંધાયો છે. સીંગતેલ અને કપાસિયા તેલમાં ૧૧૦ થી ૧૪૦ રૂપિયાનો પ્રતિ ડબ્બે વધારો નોંધાયો છે. આ સાથે જ રાજકોટ-માં આજે ખૂલતા બજારે સીંગતેલ ડબ્બો ૨૭૪૦ થી વધીને ૨૮૪૦ સુધી પહોંચી ગયો છે. તો કપાસિયા તેલનો ડબ્બો ૧૬૪૦ થી વધીને ૧૭૪૦ ને પાર પહોંચી ગયો છે. એક સપ્તાહમાં ડિમાન્ડ ન હોવા છતા સટોડિયાઓ દ્વારા કૃત્રિમ ભાવ વધારો કરી નાંખ્યો હોવાનું અનુમાન છે. ગત વર્ષમાં તેલના ભાવોમાં સતત વધારા ઝીંકાઈ રહ્યાં છે. જેને કારણે નાગરિકો પર મોંઘવારીનો માર પડી રહ્યો હતો. પરંતુ લાંબા સમયથી ખાદ્યતેલના ભાવ અંકુશમાં હતા. પરંતુ હવે ૨૦૨૪ માં ફરી આ વધારો ચાલુ થયો છે. ત્યારે ગત ફેબ્રુઆરી મહિનામાં જ તેલના ભાવમાં વધારો કરાયો હતો સીંગતેલના ભાવમાં સીધો ૫૦ રૂપિયાનો વધારો કરાયો હતો. ત્યારે માર્ચ મહિનાના અંતમાં તેલના ભાવમાં ફરી વધારો ઝીંકાયો છે. હોળીના તહેવાર પહેલા લોકો પર મોંઘવારીનો માર ઝીંકાયો છે. ગુજરાતમાં હંમેશા તહેવારો પહેલા જ તેલના ભાવમાં વધારો કરી દેવામાં આવે છે. જેથી લોકોનો તહેવાર બગડે છે. આ વખતે પણ હોળી પહેલા સીંગતેલ ડબ્બો ૨૭૪૦ થી વધીને ૨૮૪૦ સુધી પહોંચી ગયો છે. તો કપાસિયા તેલનો ડબ્બો ૧૬૪૦ થી વધીને ૧૭૪૦ ને પાર પહોંચી ગયો છે.

### દાહોદ જિલ્લા કોંગ્રેસના લોકસભા ઉમેદવાર પ્રભાબેન તાવીયાડનુ નામ જાહેર થતા ગુરુ ગોવિંદના શરણમા આવી આશીર્વાદ લીધા


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૨ ।

દાહોદ જિલ્લામા લોકસભાના ચુંટણી જંગમાં ભાજપના ઉમેદવાર જસવંતસિંહ ભાભોરની સામે કોંગ્રેસના ઉમેદવાર તરીકે પ્રભાબેન તાવીયાડનુ નામ ગઈકાલે રાત્રે જાહેર કરવામાં આવેલ હતું. કોંગ્રેસના ઉમેદવાર પ્રભાબેન તાવીયાડ પોતાની પાર્ટીના પ્રચાર કરતા પહેલા લીમડી નજીક આવેલ કંબોઈધામની મુલાકાત લીધી. ગુરુ ગોવિંદધામ ખાતે આવી તેમણે પુજા,આરતી, દર્શન કરી ફૂલ ચઢાવી આશીર્વાદ લીધા હતા.

# બનાસકાંઠા જિલ્લામાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ સાયન્સની પરીક્ષા સંપન્ન

। (પ્રતિનિધી) થરા, તા.૨૨ ।

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ચાલતી ધો. ૧૦ અને ધો. ૧૨ની પરીક્ષા બનાસકાંઠા જિલ્લામાં શાંતિપૂર્ણ રીતે પૂર્ણતાના આરે છે.ગઈકાલે ધો.૧૦ અને ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પુર્ણ થઈ છે. જયારે ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૨૬ મી માર્ચે પૂર્ણ થશે.

ધો. ૧૦-૧૨ની પરીક્ષા ૧૧મી માર્ચની શરૂ થઈ હતી. ધો. ૧૦માં છેલ્લુ પ્રશ્નપત્ર હિન્દી, સંસ્કૃત સહિત દ્વિતિય ભાષાની પરીક્ષા છે તો ધો.૧૨ સાયન્સમાં ભાષા અને કોમ્પ્યુટરની પરીક્ષા લેવાશે. બનાસકાંઠા જિલ્લામાં ધો. ૧૦ અને ધો. ૧૨ની પરીક્ષા ન્યાયીક માહોલમાં શાંતિપૂર્ણ યોજાય તે માટે ખાસ એકશન પ્લાન બનાવ્યો હતો.

ધો. ૧૦ અને ધો. ૧૨ના તમામ પરીક્ષા કેન્દ્ર સીસીટીવી હેઠળ આવરી લેવામાં આવ્યા છે. જિલ્લામાં વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારી ઓને ઓબ્ઝર્વર તરીકે નિમણૂંક આપવામાં આવી હતી. પરીક્ષાકેન્દ્રો ઉપર કાયદો-વ્યવસ્થા જાળવવા માટે પોલીસ સ્ટાફની નિમણુંક કરવામાં આવી હતી. બનાસકાંઠા જિલ્લામાં પાલનપુરમાં બે ડીસા એક દિયોદર એક થરાદ-એક એમ કુલ પાંચ ઝોનમાં ધો. ૧૦ની પરીક્ષા ૬૬ કેન્દ્ર તેમજ ૧૮૧ બીલ્ડીંગોના ૧૭૬૧ બ્લોકમાં લેવાયેલ ધો. ૧૦ની પરીક્ષા ૪૯૯૭૭ વિદ્યાર્થીઓએ આપી હતી. જયારે ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષા ૦૬ કેન્દ્રના ૨૫ બીલ્ડીંગના ૨૯૭ બ્લોક ખાતે રાજયભરના ૫૭૯૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી તેમજ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ગુજરાતના ૩૬ કેન્દ્રના ૮૬ બીલ્ડીંગમાં ૯૨૯ બ્લોક ખાતે કુલ ૨૭૮૭૦ વિદ્યાર્થીઓ મળી કુલ૮૩૬૪૫ પરીક્ષાર્થીઓ હતી. ધાનેરા તાલુકામાં ધો. ૧૨ની પરીક્ષામાં ભૂગોળ વિષયમાં સૂર્યોદય કોલેજ કેમ્પસ ખાતે ડમી ઈસમ પકડતા તેની વિરૂદ્ધ બોર્ડના નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ જ્યારે ધાનેરાની વિવેકાનંદ વિદ્યાલયમાં પરીક્ષા દરમિયાન ત્રણ પ્રાથમિક શિક્ષકો ન આવતાં પરીક્ષા સમયે અગવડતા ઊભી થઈ હતી આ મામલે પરીક્ષા સ્થળ સંચાલ-કે રજુઆત કરતા ત્રણ પ્રાથમિક શિક્ષકો સામે કાર્યવાહી કરાઈ હતી.આ સિવાય એકંદરે પરીક્ષા શાંતિપૂર્વક વાતાવરણ લેવામાં આવેલ. ધો. ૧૦ અને ધો. ૧૨ ની પરીક્ષાની ઉત્તરવહી મુલ્યાંકન કાર્ય પણ પુરજોશમાં ચાલી રહ્યુ છે. સંભવત એપ્રિલ માસમાં ધો. ૧૦ અને ધો. ૧૨ની પરીક્ષાના પરીણામ આપવાની શકયતા છે.

### જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અમદાવાદની કે. ડી. હોસ્પિટલ અને ઝાયડસ હોસ્પિટલ સાથે MoU કરવામાં આવ્યા

# અમદાવાદ જિલ્લામાં ચૂંટણી કામગીરીમાં ફરજ બજાવતા કર્મચારીઓ/અધિકારીઓ, સુરક્ષા દળો તથા ખાનગી વ્યક્તિઓને ‘કેશલેસ’ તબીબી સારવાર પૂરી પડાશે

। (માહિતી) અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદ જિલ્લામાં ચૂંટણી કામગીરીમાં ફરજ બજાવતા કર્મચારીઓ/અધિકારીઓ, સુરક્ષા દળો તથા ખાનગી વ્યક્તિઓને ‘કેશલેસ‘ તબીબી સારવાર પૂરી પાડવામાં આવશે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અમદાવાદની કે. ડી. હોસ્પિટલ અને ઝાયડસ હોસ્પિટલ સાથે આ માટે રૈં કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં આગામી સમયમાં ભારતીય ચૂંટણી પંચ દ્વારા યોજાનાર તમામ ચૂંટણીઓ અન્વયે ચૂંટણી ફરજો દરમિયાન હિંસક કૃત્ય/અકસ્માતના લીધે ઈજા પામેલ કે આકસ્મિક બીમાર થયેલ ચૂંટણી કાર્યમાં રોકાયેલ મુલ્કી કર્મચારીઓ/અધિકારીઓ, પોલીસ કર્મચારીઓ/અધિકારીઓ, કેન્દ્રીય/અન્ય રાજ્યના સુરક્ષા દળો તથા ચૂંટણી ફરજ પરના તમામ ખાનગી સ્ટાફને (રીક્વિઝિટ કરેલ ખાનગી વાહનના ડ્રાઈવર/ક્લીનર અને ચૂંટણી ખર્ચ નિયંત્રણ ટીમોના ખાનગી વિડિયોગ્રાફર સહિત તમામ) ‘કેશલેસ’ તબીબી સારવાર મળી રહે તે બાબતે ઠરાવ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ચૂંટણીની જાહેરાતથી લઈને ચૂંટણીનું પરિણામ જાહેર થાય ત્યાં સુધીના સમયગાળા દરમિયાન ફરજરત દરેક કર્મચારીને કેશલેસ સારવાર મળવાપાત્ર થશે. આ ઠરાવ અનુસાર ચૂંટણી ફરજ સાથે સંકળાયેલા તમામ સ્ટાફને રાજય સરકારની જિલ્લા/તાલુકા કક્ષાએ આવેલ હોસ્પિટલો, મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો, સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે નિઃશુલ્ક સારવાર પૂરી પાડવામાં આવશે. આ અંગે બહારની દવાઓ/ઈમ્પ્લાન્ટ્સનો ખર્ચ હોસ્પિટલના કન્ટીજન્સી ખર્ચમાંથી કરવામાં આવશે. ઈજાગ્રસ્ત/આકસ્મિક બીમાર થયેલ ચૂંટણી ફરજ પરની વ્યક્તિને રાજ્ય સરકાર દ્વારા "સ્ત્નછરૂ યોજના હેઠળ empanelled કરાયેલ હોસ્પિટલો ખાતે કેશલેસ સારવાર મળવાપાત્ર રહેશે. ચૂંટણી ફરજમાં રોકાયેલા તમામ સ્ટાફને રાજય સરકારની ત્રણ અનુદાનિત હોસ્પિટલો યુ. એન. મહેતા ઈન્સ્ટિટયૂટ, એમ. પી. શાહ કેન્સર હોસ્પિટલ અને ઈન્સ્ટિટયૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર ખાતે નિઃશુલ્ક સારવાર પૂરી પાડવામાં આવશે તથા તેનો સંભવિત ખર્ચ સરકારશ્રી દ્વારા અનુદાનથી રી- એમ્બર્સ કરવામાં આવશે.

આ ઠરાવ અનુસાર અમદાવાદ જિલ્લામાં ચૂંટણી કાર્યમાં રોકાયેલા કર્મચારીઓ/અધિકારીઓ, સુરક્ષા દળો તથા ખાનગી વ્યક્તિઓને ‘કેશલેસ’ તબીબી સારવાર પૂરી પાડવા માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કે. ડી. હોસ્પિટલ અને ઝાયડસ હોસ્પિટલ સાથે સારવાર પૂરી પાડવા માટે રૈં કરવામાં આવ્યા છે.

## યુએસ આર્મી ઇરાકમાંથી ભાગી જવાની યોજના બનાવી રહી છે : અલ-નુજાબા પ્રતિકાર

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૨ ।

હમાસ-ઈઝરાયલ યુદ્ધે અમેરિકાને ચારે બાજુથી પરેશાન કર્યું છે. અમેરિકાની ઈઝરાયલ તરફી નીતિનો સમગ્ર વિશ્વમાં તેમજ પોતાના દેશમાં વિરોધ થવા લાગ્યો છે. યુએન અને માનવાધિકાર સંગઠનોએ યુદ્ધ રોકવા માટે બિડેન પ્રશાસન પર દબાણ લાવતા જ દેશમાં હાજર ઝાયોનિસ્ટ જૂથો બિડેન પર ગુસ્સે થઈ ગયા. અમેરિકામાં આ વર્ષે ચૂંટણી યોજાવાની છે, જો બિડેનના હરીફ ડોનાલ્ડ ટ્રમ્પ પહેલાથી જ બિડેનને નબળા નેતૃત્વવાળા નેતા ગણાવી ચૂક્યા છે. હવે અમેરિકા બીજા દેશ સામે ઝૂકી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. એવા સમાચાર છે કે અમેરિકા લાંબા સમયથી ઈરાકમાં હાજર પોતાની સેનાને પાછી ખેંચી લેવાનું વિચારી રહ્યું છે. અહેવાલો અનુસાર, વોશિંગ્ટન અને બગદાદ વચ્ચે સૈનિકો પાછા ખેંચવાને લઈને સમજૂતીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. અમેરિકાના આ પીછેહઠનું કારણ ઈરાકમાં હાજર ઈસ્લામિક પ્રતિકારના હુમલાઓ હોવાનું કહેવાય છે. વાસ્તવમાં, ગાઝા યુદ્ધ શરૂ થયા પછી, લેબનોન, સીરિયા, યમન અને ઈરાકમાં હાજર ઈસ્લામિક પ્રતિકાર જૂથોએ જાહેરાત કરી હતી કે જ્યાં સુધી ગાઝા યુદ્ધ બંધ ન થાય ત્યાં સુધી તેઓ ઈઝરાયેલ અને તેના સહયોગી દેશો પર હુમલો કરશે. ઈરાકના અલ-નુજાબા રેઝિસ્ટન્સના પ્રવક્તા હુસૈન અલ-મૌસાવીએ ગુરુવારે લેબનીઝ અખબારને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, “અમે અમારા હુમલાથી અમેરિકાને વાટાઘાટના ટેબલ પર પાછા આવવા દબાણ કર્યું છે.” હુસૈને કહ્યું કે અમારા દ્વારા અમેરિકન ટાર્ગેટ પર હુમલા બાદ અમેરિકાને વર્ષો પછી દેશ છોડવા માટે વાટાઘાટો કરવાની ફરજ પડી છે. તેમણે એમ પણ કહ્યું કે અમેરિકનો સાથે સરકારની વાતચીતનું હજુ સ્પષ્ટ પરિણામ આવ્યું નથી, પરંતુ અમારા માટે ઈરાકી લોકોનું હિત સૌથી પહેલા આવે છે, અમે તેના માટે કામ કરી રહ્યા છીએ. આ સિવાય તેમણે ગાઝા હુમલા સામે પણ પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. ૨૦૦૩ માં, યુએસ આર્મીએ ઈરાક પર પરમાણુ શસ્ત્રો હોવાનો આરોપ લગાવીને હુમલો કર્યો.

## ગુજરાત સાયન્સ સિટી ખાતે વિશ્વ જળ દિવસની ઉજવણી



। અમદાવાદ, તા.૨૨ ।

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી ખાતે વિશ્વ જળ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં મોટી સંખ્યામાં વડોદરાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. માત્ર માનવ જીવન જ નહીં પણ પૃથ્વી પર વસતા તમામ જીવો માટે પાણીનું કેટલું મહત્વ છે અને તેનો બગાડ થતો કઈ રીતે અટકાવી શકાય તે અંગે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી સાયન્સ સિટીના વૈજ્ઞાનિક હર્ષિદા પટેલ દ્વારા આપવામાં આવી હતી.

વિદ્યાર્થીઓને જળનું મહત્વ સમજાવતું એક ખાસ ગીત પણ બતાવવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ જળ બચાવવાના સંદેશ સાથે આ સમગ્ર કાર્યક્રમની મજા માણી હતી. મહત્વનું છે કે વિદ્યાર્થીઓ અને લોકો વિજ્ઞાન અને પર્યાવરણ પ્રત્યે જાગૃત થાય તે માટે ગુજરાત સાયન્સ સિટીમાં અવારનવાર આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું રહે છે.

## લોકસભા ચૂંટણીમાં મતદાન માટે મતદાર ફોટો ઓળખકાર્ડ -EPIC ઉપરાંત અન્ય ૧૨ દસ્તાવેજો પણ માન્ય રહેશે

। (માહિતી) અમદાવાદ, તા.૨૨ ।

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તથા વિધાનસભાની પેટાચૂંટણી દરમિયાન મતદાન કરતાં પહેલાં મતદારે મતદાર ફોટો ઓળખકાર્ડ-EPIC રજૂ કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે. EPIC ઉપરાંત ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાન માટે અન્ય ૧૨ દસ્તાવેજો પણ માન્ય કરવામાં આવ્યા છે.

રાજ્યની ૨૬ લોકસભા બેઠકોની સામાન્ય ચૂંટણી તથા ૦૫ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે તા.૦૭/૦૫/૨૦૨૪ના રોજ મતદાન યોજવામાં આવશે. ભારતના ચૂંટણી પંચની સુચના અનુસાર મતદાનના દિવસે મતદારની ઓળખ માટે મતદાર ફોટો ઓળખકાર્ડ-EPIC રજૂ કરવાનું રહેશે. મતદાર ફોટો ઓળખકાર્ડ-EPIC ની અવેજીમાં અન્ય ૧૨ દસ્તાવેજો ભારતના ચૂંટણી પંચ દ્વારા માન્ય કરવામાં આવ્યા છે જે દસ્તાવેજ રજૂ કરી મતદાન કરી શકાશે.

આ દસ્તાવેજોમાં આધાર કાર્ડ, મનરેગા હેઠળ આપવામાં આવતા જોબ કાર્ડ, બેંક/પોસ્ટ ઓફિસ તરફથી આપવામાં આવતી ફોટોગ્રાફ સાથેની પાસબુક, શ્રમ મંત્રાલયની યોજના હેઠળ આપવામાં આવેલ હેલ્થ ઈન્સ્યોરન્સ સ્માર્ટ કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, એન.પી. આર અન્વયે આર.જી.આઈ દ્વારા ઈસ્યુ કરેલ સ્માર્ટ કાર્ડ, ઈન્ડિયન પાસપોર્ટ, ફોટોગ્રાફ સાથેના પેન્શન ડોક્યુમેંટ, કેન્દ્ર/રાજય સરકાર/જાહેર ક્ષેત્ર ઉપક્રમો/જાહેર લિમિટેડ કંપનીઓએ કર્મચારીઓને ઈસ્યુ કરેલા ફોટોગ્રાફ સાથેના સર્વિસ ઓળખપત્રો, સંસદસભ્યો/ધારાસભ્યો/વિધાન પરિષદના સભ્યોને ઈસ્યુ કરેલા સરકારી ઓળખપત્રો અને ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા ઈસ્યુ કરેલ Unique Disability ID(UDID) કાર્ડનો સમાવેશ થાય છે, જે રજૂ કરી મતદાન કરી શકાશે. વધુમાં બિનનિવાસી ભારતીયોની જો મતદાર તરીકે નોંધણી કરેલ હોય તો તેઓએ મતદાન મથકે ફક્ત “અસલ પાસપોર્ટ” રજૂ કરી તેમની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે.

# પાકિસ્તાન અને તાલિબાન વચ્ચે તણાવ

। (એજન્સી) કાબુલ, તા.૨૨ ।

ઓગસ્ટ ૨૦૨૧માં જ્યારે તાલિબાને અફઘાનિસ્તાનમાં સત્તા સંભાળી ત્યારે ઈસ્લામાબાદ દ્વારા તેનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રારંભિક તબક્કામાં, પાકિસ્તાન દ્વારા અફઘાનિસ્તાનમાં ઘણા પ્રતિનિધિમંડળ મોકલવામાં આવ્યા હતા, કેટલાક અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે પાકિસ્તાની સેનાના અધિકારીઓએ તાલિબાનની ગુપ્તચર બેઠકોમાં પણ ભાગ લીધો હતો. જ્યારે બહારથી બે પડોશી મુસ્લિમ દેશોનો આ પ્રેમ દેખાતો હતો, ત્યારે પાકિસ્તાનના આ પ્રેમ પાછળ એક મોટો અર્થ હતો. પાકિસ્તાનને આશા હતી કે તાલિબાન તેની ધરતી પર આતંકવાદ ફેલાવતા સંગઠન તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP)ને કાબૂમાં લેવામાં મદદ કરશે. પાકિસ્તાનનું માનવું હતું કે તાલિબાન સાથેની મિત્રતા અફઘાનિસ્તાનની ધરતીને પાકિસ્તાન વિરુદ્ધ ઉપયોગમાં લેવાથી બચાવશે. પરંતુ તાલિબાન સત્તામાં આવ્યા બાદ ટીટીપી મજબૂત બની ત્યારે પાકિસ્તાનના સપના ધૂળધાણી થઈ ગયા. આ તહરીક-એ-તાલિબાન સંગઠન જ બંને દેશો વચ્ચે તાજેતરમાં વધેલા તણાવનું કારણ છે. બંને દેશ આજે યુદ્ધની અણી પર ઉભા છે. ૨૦01 માં, જ્યારે ૯/૧૧ પછી અમેરિકન આક્રમણ દ્વારા અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકારને ઉથલાવી દેવામાં આવી, ત્યારે તાલિબાનના ટોચના નેતૃત્વએ પાકિસ્તાનમાં આશ્રય લીધો અને આજે તે જ તાલિબાન પર પાકિસ્તાનના દુશ્મનોને આશ્રય આપવાનો આરોપ છે. સરહદ પર તણાવ છે અને આ તણાવ ક્યારે યુદ્ધમાં પરિવર્તિત થશે તે જાણી શકાયું નથી, પરંતુ હવે સવાલો એ છે કે જો યુદ્ધ થશે તો ઉપર કોનો હાથ રહેશે, તાલિબાન પાસે કઈ શક્તિ છે જેની મદદથી તે પાકિસ્તાન જેવી શક્તિશાળી સેનાને ધમકી આપી રહ્યું છે, તાજેતરના તણાવનું કારણ શું છે? ચાલો આ પ્રશ્નોના જવાબો શોધવાનો પ્રયાસ કરીએ.

૧૬ માર્ચના રોજ, એક આત્મઘાતી બોમ્બરે ઉત્તર વઝીરિસ્તાનમાં પાકિસ્તાની સૈન્ય ચોકી પર વિસ્ફોટકોથી ભરેલી ટ્રકને ઉડાવી દીધી હતી, જેમાં સાત સૈનિકો માર્યા ગયા હતા. પાકિસ્તાને આ હુમલા માટે ટીટીપીને જવાબદાર ગણાવી હતી. જવાબી કાર્યવાહીમાં, પાકિસ્તાને અફઘાનિસ્તાનમાં ઘૂસીને હવાઈ હુમલા કર્યા, જેના પછી તાલિબાને આકરી પ્રતિક્રિયા આપી અને આ હુમલાઓને દેશના સાર્વભૌમત્વ માટે ખતરો ગણાવ્યા. તેના જવાબમાં તાલિબાને પાકિસ્તાન સરહદ પર અનેક ગોળીબાર કર્યા, જેમાં એક સૈનિકના મોતના પણ સમાચાર છે. સ્થિતિ હજુ પણ તંગ છે અને તણાવનું કારણ TTP છે, આગળ વધતા પહેલા ચાલો જાણીએ કે આ TTP કોણ છે.

તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન, જેને પાકિસ્તાનના તાલિબાન તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ૨૦૦૭માં બૈતુલ્લા મહેસૂદના નેતૃત્વ હેઠળ અનેક નાના કટ્ટરવાદી ઈસ્લામિક સંગઠનોને જોડીને પાકિસ્તાન આર્મી સામે રચાયેલું જોડાણ છે. જેનો હેતુ પાકિસ્તાનમાં ખિલાફત શાસન સ્થાપિત કરવાનો અને પાકિસ્તાનના કાયદાને શરિયા કાયદા સાથે બદલવાનો છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ સુધારવા માટે ગંભીર પ્રયાસ હાથ ધરો. નાણાકીય દૃષ્ટિએ આજ નું દિવસ મિશ્ર રહેવાનું છે. આજે તમને ધન લાભ તો થશે પરંતુ તેના માટે તમને સખત મહેનત કરવા ની જરૂર હશે. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. રોમાન્સ રોમાંચક હશે-આથી તમે જેને પ્રેમ કરો છો એવી વ્યક્તિનો સંપર્ક કરો અને દિવસને શ્રેષ્ઠ બનાવો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો. પ્રેમ હકારાત્મક કંપનો દેખાડશે. દિવસ સરસ છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે આજે ધાર્મિક તથા આધ્યત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. પરિવારનું તમામ દેણું તમે ચૂકવી શકશો. આજે તમને તમારા જીવનમાં સાચા પ્રેમની કમી સાલશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો? તમને ખુષશ રાખવા માતા-પિતા તથા મિત્રો તેમનું શ્રેષ્ઠ આપશે. દિવસને ખાસ બનાવવા માટે ઉદારતા તથા પ્રેમ આપો. આજે જો તમે ખરેખર લાભ મેળવવા માગતા હો તો-અનોય દ્વારા આપવામાં આવતી સલાહને કાને ધરજો.

**તુલા (ર,ત) :**
આજના દિવસે કોઈક સંતપુરુષનાં આશિષતમને માનસિક શાંતિ આપશે. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. યોગ્ય સંવાદ તથા સહકાર તમારા જીવનસાથી સાથેના સંબંધોને સુધારશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારા નકારાત્મક વિચારો માનસિક બીમારીનું સ્વરૂપ લઈ લે તે પૂર્વે જ તમારે તેમનો નાશ કરવો જોઈએ. તમને સંપૂર્ણ માનસિક સંતોષ આપે એવી કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઈને તમે તેમનાથી મુક્તિ પામી શકો છો. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. આજે તમને તમારા જીવનમાં સાચા પ્રેમની કમી સાલશે.ચિંતા ન કરો સમય સાથે બધું જ બદલાઈ જાય છે અને તેમાં તમારૂં રોમેન્ટિક જીવન પણ અપવાદ નથી.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ? તમારી નિકટનું કોઈક આજે અંદાજ ન લગાડી શકાય એવા મિજાજમાં હશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે માનસિક શાંતિ માટે તમારા ટેન્શનનો ઉકેલ લાવો. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. તમારી પત્નીની સિદ્ધિને બિરદાવો અને તેની સફળતા અને સારા ભાગ્યનો આનંદ માણો. તેને બિરદાવવામાં ઉદારતા અને નિષ્ઠા દાખવો. તમારા સ્મિતોનો કોઈ જ અર્થ નથી-હાસ્યનો કોઈ અવાજ નથી-હૃદય પણ થડકો ચૂકી ગયું છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારા શરીરને રિચાર્જ કરવા માટે તમારે સંપૂર્ણ આરામ લેવો જઈએ અન્યથા થાક તમારામાં નિરાશવાદ પેદા કરી શકે છે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે.

# વડાપ્રધાન મોદીનું ભૂતાનમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું










વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભૂતાન પહોંચ્યા છે ત્યારે મોદીને જોવા માટે ત્યાંના લોકોનો ઉત્સાહ જોવા લાયક છે. વડાપ્રધાનનું સ્વાગત કરવા માટે દરેક ઉંમરના નાગરિક ભૂતાનના રસ્તાઓ પર નજરે આવ્યા. વડાપ્રધાન મોદીએ રાજધાની થિમ્પૂ પહોંચ્યા બાદ રસ્તામાં ઉભા રહેલા લોકો સાથે મુલાકાત કરી અને ત્યાં હાજર બાળકો સાથે પણ વાતચીત કરી.

## ન્યૂઝ બ્રિફ

### આગામી ચાર-પાંચ મહિનામાં શાહબાઝ શરીફની સરકાર પડી જશે : ઈમરાન ખાન

। (એજન્સી) જમ્મુ, તા.૨૨ ।

પાકિસ્તાનમાં આ મહિને નવી સરકારની રચના થઈ છે. પાકિસ્તાન મુસ્લિમ લીગ (M)ના શહેબાઝ શરીફે પાકિસ્તાનના વડા પ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યો. સરકાર બન્યાને એક મહિનો પણ નથી થયો પરંતુ બજારોમાં એવું વાતાવરણ ગરમાઈ રહ્યું છે કે સરકાર ટૂંક સમયમાં પડી શકે છે. પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફના વડા અને પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન પાકિસ્તાનમાં સરકારના પતનને લઈને ઘણા આત્મવિશ્વાસમાં દેખાઈ રહ્યા છે. આ સિવાય તેણે જેલમાંથી છૂટવાની વાત પણ કરી છે. તાજેતરમાં જ ઈમરાન ખાને કહ્યું હતું કે પાકિસ્તાનની વર્તમાન સરકાર ચાર-પાંચ મહિનાથી વધુ સત્તામાં નહીં રહે. તેમણે એમ પણ કહ્યું હતું કે વર્તમાન સરકારના પતન પછી તેઓ ટૂંક સમયમાં અદિયાલા જેલમાંથી બહાર આવશે. અદિયાલા જેલમાં પુરો ૧૯૦ મિલિયન ભ્રષ્ટાચારના કેસની સુનાવણી બાદ પત્રકારો સાથે વાત કરતા ખાને દાવો કર્યો હતો કે તેમના કેસમાં નિર્ણય થઈ ચૂક્યો છે. તેમજ આ કાર્યવાહીને માત્ર ઔપચારિકતા તરીકે વર્ણવવામાં આવી હતી. ઈમરાન ખાને કહ્યું કે તેમની સામે પેન્ડિંગ કેસ સંપૂર્ણપણે પાયાવિહોણો છે. તેમજ તેમની સામેના ભ્રષ્ટાચારના કેસ પર તેમણે કહ્યું કે સરકારી તિજોરીને કોઈ નુકશાન થયું નથી. તેમણે કહ્યું કે વર્તમાન સરકાર પાકિસ્તાનની સ્થિતિને ખરાબથી ખરાબ કરશે. આ સરકાર પર ખેદ વ્યક્ત કરતા તેમણે આશંકા વ્યક્ત કરી હતી કે દેશમાં આતંકવાદ વધશે. બીજી તરફ પાકિસ્તાનમાં આર્થિક સંકટ કેટલું ગંભીર છે તે સૌ જાણે છે. દેશની અર્થવ્યવસ્થા તેના સૌથી નીચા સ્તરે છે. પાકિસ્તાન પર એટલું દેવું છે કે દેશ તેને ચૂકવવા માટે IMF પાસેથી વધુ લોન લઈ રહ્યો છે. દેશની મોટી વસ્તી પણ ભૂખમરાથી પીડાઈ રહી છે. આવી સ્થિતિમાં દેશને પાટા પર લાવવાનો શાહબાઝ સરકાર માટે મોટો પડકાર સાબિત થઈ શકે છે.

## કેનેડા બાદ ઓસ્ટ્રેલિયાએ સ્ટુડન્ટ વિઝાના નિયમો બનાવ્યા કડક

### ઓસ્ટ્રેલિયામાં ઈમિગ્રેશન તેના રેકોર્ડ પર પહોંચી ગયું છે, સપ્ટેમ્બર ૨૦૨૨ થી સપ્ટેમ્બર ૨૦૨૩ વચ્ચે દેશની વસ્તીમાં ૨.૫ ટકાનો વધારો થયો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ઓસ્ટ્રેલિયાએ હવે પોતાના દેશમાં માઈગ્રન્ટ્સની વધતી સંખ્યાને લઈને એક મોટું પગલું ભર્યું છે. જે હવે ભારત સહિત અનેક દેશોના વિદ્યાર્થીઓ માટે સમસ્યા બની ગઈ છે. વાસ્તવમાં ઓસ્ટ્રેલિયાએ તેના સ્ટુડન્ટ વિઝા નિયમો કડક બનાવ્યા છે. આંતરરાષ્ટ્રીય સમાચાર એજન્સી રોઈટર્સ અનુસાર, ઓસ્ટ્રેલિયાના વિઝાના નિયમોમાં હવે અંગ્રેજી ભાષાની આવશ્યકતા અને બહારના વિદ્યાર્થીઓ માટે **'Genuine Student Test'**નો સમાવેશ થાય છે. જો આ નિયમોનો ભંગ થશે તો સરકાર પાસે આ શિક્ષણપ્રદાતાઓને સસ્પેન્ડ કરવાનો અધિકાર રહેશે. આ વિઝાના નિયમોમાં **'Genuine Student Test'** આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ




માટે માથાનો દુખાવો બની ગઈ છે. કારણ કે આ વિઝા માત્ર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે જ હશે. તેઓ અભ્યાસ પૂરો કર્યા પછી ઓસ્ટ્રેલિયામાં રહી શકતા નથી. વિઝા સંબંધિત આ ફેરફાર અંગે ઓસ્ટ્રેલિયાના ગૃહ મંત્રાલયના મંત્રી ક્લે/ર ઓ'નીલે એક નિવેદન જાહેર કરીને કહ્યું કે આ સપ્તાહના અંતમાં ઓસ્ટ્રેલિયામાં પ્રવાસન સ્તરને ઘટાડવા પર ભાર મૂકવામાં આવશે. અમે વારસામાં મળેલી આ નબળી સિસ્ટમને પાટા પર લાવવા માટે કામ કરી રહ્યા છીએ. આ નિયમો ગયા વર્ષે ડિસેમ્બરમાં ઈમિગ્રેશન પર રોક લગાવવા લાવવામાં આવ્યા હતા. આ નવા પેરામીટર્સમાં વિદેશી વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી ભાષામાં સારા માર્ક્સ મેળવવા ફરજિયાત છે. ટેમ્પરરી ગ્રેજ્યુએટ વિઝા માટે આ સ્કોર હવે ૬.૦ થી વધીને ૬.૫ થયો છે. વિદ્યાર્થી વિઝા માટે આ સ્કોર ૫.૫ થી વધીને ૬.૦ થશે. જ્યારે યુનિવર્સિટી ફાઉન્ડેશન અથવા પાથવે પ્રોગ્રામના વિદ્યાર્થીઓને આ સ્કોર ૫.૫ની જરૂર પડશે. વાસ્તવમાં ઓસ્ટ્રેલિયામાં ઈમિગ્રેશન તેના રેકોર્ડ પર પહોંચી ગયું છે. સપ્ટેમ્બર ૨૦૨૨ થી સપ્ટેમ્બર ૨૦૨૩ વચ્ચે દેશની વસ્તીમાં ૨.૫ ટકાનો વધારો થયો છે. જેનું મહત્વનું કારણ બહારથી આવતા પ્રવાસીઓ અને વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો છે. સૌથી વધુ વિદ્યાર્થીઓ ભારત, ચીન અને ફિલિપાઈન્સના છે. આ મામલે ઓસ્ટ્રેલિયન ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કમિશનના કમિશનર મોનિકા કેનેડીએ જણાવ્યું કે, ઓસ્ટ્રેલિયન સરકારના ગૃહ વિભાગના જણાવ્યા અનુસાર જૂલાઈ ૨૦૨૨ થી ફેબ્રુઆરી ૨૦૨૩ વચ્ચે ૩૮૨,૦૦૦ સ્ટુડન્ટ વિઝા આપવામાં આવ્યા હતા, જે ૨૦૨૦ની સરખામણીમાં ૪૧.૩ ટકા વધુ છે. જાન્યુઆરી-મે ૨૦૨૩માં ઓસ્ટ્રેલિયાએ ૪૭,૭૫૯ ભારતીય વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ વિઝા આપ્યા હતા. ઓસ્ટ્રેલિયા ઉપરાંત કેનેડા અને યુકેએ પણ તાજેતરમાં વિઝા નિયંત્રણો લાદ્યા છે. તેથી જો તેઓ વિઝાની જોગવાઈઓના આ નિયમોને કારણે વિઝા મેળવી શકતા નથી તો તેઓ અમેરિકા અને અન્ય યુરોપિયન દેશોનો વિકલ્પ પસંદ કરી શકે છે.

## સદગુરૂની દિલ્હીમાં બ્રેઇન સર્જરી કરવામાં આવી

### MRI તપાસ બાદ તેઓના મસ્તિષ્કમાં બ્લીડિંગ થઇ રહ્યું હોવાનું સામે આવ્યું, ડોક્ટર્સની એક વિશેષ ટીમે તેઓની બ્રેઇન સર્જરી કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

આધ્યાત્મિક ગુરૂ અને ઈશા ફાઉન્ડેશનના સંસ્થાપક સદગુરૂ જગ્ગી વાસુદેવને છેલ્લાં કેટલાંક સમયથી તીવ્ર માથાનો દુઃખાવો રહેતો હતો. ત્યારબાદ ૧૭ માર્ચના રોજ દિલ્હીની અપોલો હોસ્પિટલમાં તેઓની બ્રેઈન સર્જરી કરવામાં આવી. બ્રેઈન સર્જરી બાદ સદગુરૂનો એક વીડિયો મેસેજ સામે આવ્યો છે, જેમાં તેઓએ જણાવ્યું કે, સર્જરી બાદ તેઓની હાલત સુધાર પર છે.



છેલ્લાં ચાર અઠવાડિયાથી સદગુરૂ જગ્ગી વાસુદેવને માથાના દુઃખાવાની ફરિયાદ હતી. દર્દની ગંભીરતા છતાં તેઓએ પોતાના કાર્યક્રમ અને ગતિવિધિઓને જાળવી રાખી, ત્યાં સુધી કે, ૮ માર્ચ ૨૦૨૪ના રોજ આખી રાત ચાલતા મહા શિવરાત્રી સમારંભનું આયોજન પણ કર્યુ. જો કે, જ્યારે ૧૫ માર્ચ ૨૦૨૪ના રોજ બપોરે તેઓ દિલ્હી પહોંચ્યા તો તેઓનો માથાનો દુઃખાવો અસહનીય થઈ ગયો અને તેઓની દિલ્હીની ઈન્દ્રપ્રસ્થ અપોલો હોસ્પિટલમાં લાવવામાં આવ્યા. અહીં ન્યૂરોલોજીસ્ટ ડો. વિનિત સૂરીની સલાહ પર ૪.૩૦ વાગ્યે તેઓનું એમઆરઆઈ સ્કેન કરવામાં આવ્યું, જ્યાં મગજમાં સોજા અને બ્લીડિંગ વિશે જાણ થઈ. **MRI** બાદ જાણ થઈ કે તેઓને છેલ્લાં ૩-૪ અઠવાડિયાથી સતત બ્લીડિંગ થઈ રહ્યું હતું.

ત્યારબાદ તેઓને તત્કાળ હોસ્પિટલમાં દાખલ કરવાની સલાહ આપવામાં આવી હતી. જો કે, આ દરમિયાન પણ સદગુરૂએ ડોક્ટર્સની ટીમને કહ્યું કે, મેં છેલ્લાં ૪૦ વર્ષમાં એક પણ મીટિંગ નથી છોડી, ત્યારબાદ ૧૫ માર્ચના રોજ તેઓએ પોતાની મીટિંગ પૂર્ણ કરી અને ૧૭ માર્ચ ૨૦૨૪ના રોજ સદગુરૂની ન્યૂરોલોજિકલ સ્થિતિ ઝડપથી લથડી અને બાદમાં પગમાં કમજોરી પણ આવવા લાગી, માથાનો દુઃખાવો તીવ્ર બનતા તેઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. એક સીટી સ્કેનથી જાણ થઈ કે, તેઓના મસ્તિષ્કમાં સોજા વધી રહ્યા હતા. સદગુરૂની સ્થિતિ વધુ લથડતા ડોક્ટરની એક ટીમે સદગુરૂના ભરતી થયા બાદના થોડાં જ કલાકોમાં મસ્તિષ્કના બ્લીડિંગ ઘટાડવા માટે એક ઈમરજન્સી સર્જરી કરી. સર્જરી બાદ સદગુરૂ જગ્ગી વાસુદેવ ઝડપથી રિકવર થઈ રહ્યા છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ્સ ઓફ હેલ્થ અનુસાર, દિમાગમાં બ્લીડિંગનું મુખ્ય કારણ છે.

સબડ્યૂરલ હેમેટોમા, આ એવી સ્થિતિ છે જેમાં લોહી ધીરે ધીરે ડ્યૂરાની સૌથી બહારની પરતથી નીચે સરકવા લાગે છે. ડ્યૂરા બ્રેઈનનું બહારનું મોટું, મજબૂત પડ છે જે સીદા તમારી ખોપડી અને **vertebral column**ની નીચે સ્થિત હોય છે. તે ઘણીવાર કોઈ દુર્ઘટનાના ૩-૪ સપ્તાહ બાદ વિકસિત થાય છે. જેમાં માથા પર ગંભીર ઝટકા અથવા પ્રભાવ સામેલ છે. ડો. વિનિત સૂરી અનુસાર, સદગુરૂની ન્યૂરોલોજીકલ સ્થિતિ ઝડપથી ખરાબ થઈ રહી હતી. તેઓનો ડાબો પગ કમજોર થઈ ગયો હતો, વારંવાર ઉલટીની સાથે માથાનો દુઃખાવો પણ તીવ્ર બનતો ગયો. આ તમામ સબડ્યૂરલ હેમેટોમાના લક્ષણો છે. સીટી સ્કેનથી જાણ થઈ કે મસ્તિષ્કમાં સોજા વધી ગયા હતા અને મસ્તિષ્કનો એક ભાગ જોખમી સ્થિતિમાં જઈ રહ્યો છે. એવામાં તત્કાળ સર્જરીની જરૂર પડી.

## ભારત અને ભૂટાન વચ્ચે ૧૯૬૮ થી રાજદ્વારી સંબંધો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

પીએમ નરેન્દ્ર મોદી ભૂટાનના પ્રવાસે છે. જ્યાં ભૂટાનના વડા પ્રધાન શેરિંગ તોબગેએ તેમનું ગળે લગાવીને ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. પીએમ મોદીની આ મુલાકાત ૨૩ માર્ચ સુધી ચાલશે જેમાં દ્વિપક્ષીય અને ક્ષેત્રીય મુદ્દાઓ પર ચર્ચા થઈ શકે છે. ભૂટાન અને ભારત વચ્ચેના સંબંધો હંમેશા સારા રહ્યા છે, પીએમ મોદીની મુલાકાત આ સંબંધોને નવો આયામ આપી શકે છે. નાનો દેશ હોવા છતાં ભૂટાનની પોતાની એક અલગ ઓળખ છે. ભૂતાન તેની પ્રગતિ જીડીપીમાંથી નહીં પરંતુ જીએનએચ (ગ્રોસ નેશનલ હેપીનેસ)માંથી મેળવે છે. આ કારણે ભૂતાન હેપ્પી ઈન્ડેક્સમાં ભારત જેવા ઘણા મોટા દેશો કરતાં ઘણું આગળ છે. એક રિપોર્ટ અનુસાર જીડીપીમાં પછાત હોવા છતાં મોટાભાગના ભૂટાની લોકો તેમના જીવનથી ખુશ છે. ભૂટાનની અડધાથી વધુ વસ્તી કૃષિ અને હાઈડ્રોપાવર સાથે સંકળાયેલી છે. લગભગ ૮ લાખની વસ્તી ધરાવતો આ દેશ લીલાછમ જંગલો, પર્વતો અને સુંદર નજારોથી ઘેરાયેલો છે. જેના કારણે તેની આવકનો મોટો હિસ્સો પણ પ્રવાસનમાંથી આવે છે. પરંતુ કમાણી કરતાં વધુ, ભૂટાનની સરકાર સંસ્કૃતિ અને પર્યાવરણને પ્રેમ કરે છે, તેથી જ અહીં આવતા પ્રવાસીઓની સંખ્યા મર્યાદિત છે. આટલું જ નહીં, એક સમય એવો હતો જ્યારે ભૂટાને બહારના લોકો પર પ્રતિબંધ મૂક્યો હતો. વર્ષ ૧૯૭૦માં ભૂટાને વિદેશીઓને આવવાની પરવાનગી આપી હતી. ૧૯૯૯ સુધી, ભૂટાનમાં સત્તાવાર રીતે કોઈ સેટેલાઈટ ટીવી, ઈન્ટરનેટ અને કોઈ ટેલિવિઝન સ્ટેશન નહોતું. ૧૯૮૯માં ભૂટાન સરકારે દેશની સંસ્કૃતિને બચાવવાના નામે આ બધા પર પ્રતિબંધ મૂક્યો હતો. ભૂટાનના વિદેશ મંત્રીએ ૧૯૯૦માં વોશિંગ્ટન પોસ્ટને આપેલા એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, "અમે આપણા દેશને આધુનિક બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ, તેનું પશ્ચિમીકરણ નહીં."

### ઈન્જેક્શનકાંડ મામલે હોસ્પિટલમાં હોબાળો

# અમરેલી સિવિલ હોસ્પિટલ ફરી વિવાદમાં જોવા મળી

। (પ્રતિનિધી) અમરેલી, તા.૨૨ ।

અમરેલી સિવિલ હોસ્પિટલ ફરી વિવાદોમાં જોવા મળી. સિવિલ હોસ્પિટલની ફરી વધુ એક બેદરકારી સામે આવી. ગઈકાલે ૧૫ જેટલા દર્દીઓને બાટલા ચડાવ્યા બાદ ઈન્જેકશન આપવામાં આવ્યા હતા. જેના બાદ આ દર્દીઓની તબિયત વધુ લથડી હતી. કહેવાય છે કે મોડી રાતે દર્દીઓને ઈન્જેકશનનું રીએકશન આવતા તેમની તબિયત વધુ ખરાબ થઈ હતી. દર્દીઓની તબિયત લથડતા તેમના પરિવારજનોએ હોસ્પિટલમાં

અમરેલી સિવિલ હોસ્પિટલ ફરી વિવાદોમાં જોવા મળી. સિવિલ હોસ્પિટલની ફરી વધુ એક બેદરકારી સામે આવી. ગઈકાલે ૧૫ જેટલા દર્દીઓને બાટલા ચડાવ્યા બાદ ઈન્જેકશન આપવામાં આવ્યા હતા. જેના બાદ આ દર્દીઓની તબિયત વધુ લથડી હતી. કહેવાય છે કે મોડી રાતે દર્દીઓને ઈન્જેકશનનું રીએકશન આવતા તેમની તબિયત વધુ ખરાબ થઈ હતી. દર્દીઓની તબિયત લથડતા તેમના પરિવારજનોએ હોસ્પિટલમાં હોબાળો મચાવ્યો હતો. પરિવારના હોબાળા બાદ સત્તાધીશોએ આ મામલે તપાસની હૈયાધારણા આપી.

પ્રાપ્ત વિગત મુજબ અમરેલીની સિવિલ હોસ્પિટલમાં ગત રાત્રે કેટલાક દર્દીઓને બાટલા ચડાવવામાં આવ્યા હતા. મોડી રાત્રે અચાનક ૯ જેટલા દર્દીઓની તબિયત લથડવા લાગી હતી. અચાનક દર્દીઓની તબિયત બગડતા તેમની સાથે રહેતા સગાસબંધીઓ પરેશાન થઈ ગયા હતા. તેમના જીવ તાળવે ચોંટી ગયા હતા. કારણ કે ગત રાત્રે દર્દીઓની તબિયતમાં સુધારો થાય માટે તેમને બાટલા ચડાવાયા હતા. અને તેના બાદ તેમને ઈન્જેકશન આપવામાં આવ્યા હતા. પરંતુ દર્દીઓની તબિયતમાં સુધારો થવાના બદલે અચાનક સ્વાસ્થ્ય વધુ કથળતું હોવાનું જણાવ્યું.

સિવિલ હોસ્પિટમાં પીડિત એક દર્દીએ જણાવ્યું કે મને ટાઈફોડ હતો અને આથી ૧૫ દિવસથી બાટલા ચડાવવામાં આવે છે. કાલે જ્યારે બાટલો ચડાવ્યો ત્યારે હાથ અને પગ ઠંડા પડી ગયા હતા. શરીરમાં કંપન થતું હોય તેવું લાગ્યું. મારી જેમ અન્ય દર્દીઓને પણ આવી જ હાલત થઈ હતી. અન્ય એક દર્દીના પતિએ જણાવ્યું કે મારી પત્ની બીમારીને પગલે ૫ દિવસ પહેલા દાખલ કરાઈ હતી. બીમારીમાંથી પત્ની સાજી થઈ રહી હતી પરંતુ અચાનક ગત રાત્રે બાટલા ચડાવ્યા બાદ અને ઈન્જેકશન લીધા બાદ તેની તબિયત વધુ બગડી. તેને ગઈકાલે ૩ ઈન્જેકશન આપવામાં આવ્યા હતા. મારી પત્નીની જેમ ગઈકાલે અચાનક વધુ દર્દીઓની તબિયત બગડતા દર્દીઓના સગાસંબંધી હોસ્પિટલમાં ઉહાપોહ મચાવ્યો હતો.

અચાનક એકસાથે દર્દીઓની તબિયત બગડવા છતાં સત્તાધીશો ઠંડુ વલણ અપનાવી રહ્યા છે. હોસ્પિટલના સ્ટાફ બધુ સારું થઈ જશે તેવું આશ્વાસન આપે છે. પરંતુ આખરે મામલો શું છે તે વિશે કોઈ મગનું નામ મરી પાડતું નથી. દર્દીઓના પરિવારજનોએ હોબાળો મચાવતા સમગ્ર મામલો સમાચારોમાં આવતા હોસ્પિટલ સત્તાધીઓએ તપાસની હૈયાધારણા આપી છે. અગાઉ પણ અમરેલી શહેરની હોસ્પિટલ અંધાપા કાંડને લઈને સમાચારોમાં આવી હતી.

### ઈસુદાન ગઢવી સહિત કાર્યકર્તાઓની અટકાયત

# અરવિંદ કેજરીવાલના ધરપકડ મામલે આપ અને કોંગ્રેસ કાર્યકર્તાઓનો વિરોધ

। (માહિતી) અમદાવાદ, તા.૨૨ ।

આમ આદમી પાર્ટીના વડા અને દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની દિલ્હી એક્સાઈઝ પોલિસી ૨૦૨૧-૨૨ના કથિત કૌભાંડમાં ગુરુવારે ઈઙ્ઘ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.જેના વિરોધમાં દેશભરમાં આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

આમ આદમી પાર્ટીના વડા અને દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની દિલ્હી એક્સાઈઝ પોલિસી ૨૦૨૧-૨૨ના કથિત કૌભાંડમાં ગુરુવારે ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.જેના વિરોધમાં દેશભરમાં આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યુ છે.અમદાવાદમાં પણ AAP દ્વારા વિરોધ દર્શાવવામાં આવ્યો. પોલીસે ઈસુદાન ગઢવી સહિત AAPના કાર્યકર્તાઓની અટકાયત કરી છે.

દિલ્લીના CM કેજરીવાલના ધરપકડથી અમદાવાદમાં વિરોધ જોવા મળી રહ્યા છે. આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ કાર્યકર્તાઓએ એકસાથે મળીને વિરોધ પ્રદર્શન કર્યુ હતુ. વિરોધ પ્રદર્શન ઉગ્ર થતા પોલીસ અને કાર્યકરો સામ સામે આવી ગયા હતા. પોલીસે AAPના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી સહિતના કાર્યકર્તાઓની અટકાયત કરી હતી.

અરવિંદ કેજરીવાલની ધરપકડ પર AAP ગુજરાત પ્રમુખ ઈસુદાને નિવેદન આપ્યુ હતુ કે, EDએ ખોટા કેસમાં અરવિંદ કેજરીવાલની ધરપકડ કરી છે. કેજરીવાલ વિરુદ્ધ કોઈ પુરાવા નથી.

મનિષ સિસોદિયા સામે પણ પુરાવા નથી ભેગા થઈ શક્યા, આરોપી સાક્ષી બની જતા તેની જુબાની બાદ કેજરીવાલની ધરપકડ થઈ છે. કેજરીવાલના પરિવારને પણ મળવા દેવામાં નથી આવતા.

## દ્વારકા જિલ્લાના કોંગ્રેસના મહામંત્રી એભા કરમુરે રાજીનામું આપ્યું

। (એજન્સી) દ્વારકા, તા.૨૨ ।

દેવભૂમિ દ્વારકા જિલ્લા કોંગ્રેસમાં મોટું ભંગાણ થયુ છે. કોંગ્રેસના દિગ્ગજ નેતા અને જિલ્લા કોંગ્રેસ મહામંત્રી એભા કરમુરે રાજીનામું આપ્યું છે. એભા કરમુરે કોંગ્રેસના તમામ હોદ્દા પરથી રાજીનામું આપ્યું છે. ૨૦૧૨ વિધાનસભામાં ખંભાળિયા બેઠક પર પૂનમ માડમ સામે લડ્યા હતા.લોકસભા ચૂંટણીની જેમ જેમ નજીક આવતી જાય છે. તેમ તેમ કોંગ્રેસમાં રાજીનામાનો વરસાદ થઈ રહ્યો છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લા કોંગ્રેસમાં મોટું ભંગાણ થયુ છે.૨૦૧૨ વિધાનસભામાં ખંભાળિયા બેઠક પર પૂનમ માડમ સામે લડ્યા હતા. છેલ્લા ૫ ટર્મથી ખંભાળિયા છૅસ્ઙ્મમાં ડિરેક્ટર પદે એભા કરમુર ચૂંટાયા છે. એભા કરમુરના રાજીનામાથી કોંગ્રેસનો ગઢ ધરાશાયી થાય તેવી પરિસ્થિતિ ઉભી થઈ છે. આ ઉપરાંત એભા કરમુર આગામી સમયમાં સમર્થકો સાથે કેસરિયા કરે તેવી શક્યતા છે.




કાંકરિયા બીઆરટીએસ સ્ટેન્ડનું સમારકામ ચાલી રહેલ છે.

### ટ્રસ્ટ દ્વારા નિર્ણય લેવાયો

## શામળાજી મંદિરે હોળીને લઈ પૂનમના દર્શનનો સમય જાહેર કરવામાં આવ્યો

। શામળાજી, તા.૨૨ ।

પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરે હોળી અને ધૂળેટીના તહેવારની ઉજવણી પ્રતિવર્ષની જેમ ધામધૂમથી કરવામાં આવશે. ભગવાન શામળીયાને ચાંદીને પિચકારીથી કેસૂડાનો રંગ છાંટીને ઉજવણી કરવામાં આવશે. મંદિર પરિસરમાં પણ ભક્તો કેસૂડાના જળ છાંટીને હોળી ધૂળેટીની ઉજવણી કરવામાં આવશે.

યાત્રાધામ શામળાજીમાં હોળી અને ધૂળેટીના તહેવારોને પ્રતિવર્ષ ઉજવણી ધામધૂમથી કરવામાં આવે છે. શામળાજી દેવગદાધર વિષ્ણુ મંદિર ખાતે ભક્તો હોળી ધૂળેટીનો ઉત્સવ ઉત્સાહપૂર્વક મનાવતા હોય છે. કેસૂડા વડે તૈયાર કરવામાં આવેલ જળને ભગવાનને છાંટવા સાથે ભક્તો પર છાંટવામાં આવતુ હોય છે. આ સાથે જ ભક્તો ઉત્સાહભેર ઉજવણી કરતા હોય છે. શામળાજી મંદિર ટ્રસ્ટ દ્વારા હોળી એટલે કે ફાગણ સુદન પૂનમના દર્શનનો સમય જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ પૂનમના દિવસે સવારે ૬ વાગ્યે મંદિરના દ્વાર ખુલશે અને મંગળા આરતી સવારે પોણા સાત વાગ્યે કરવામાં આવશે.

## ગાંધીનગરમાં ગીત ગાવાને બહાને લૂંટ ચલાવતી મહિલા ગેંગ ઝડપાઈ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૨ ।

ગીત ગાવાને બહાને લૂંટ ચલાવતી એક અનોખી મહિલા ગેંગને પોલીસે ઝડપી લીધી છે. ગીત ગાવાને બહાને અને ભુવાની ઓળખ આપીને આ મહિલા ગેંગ લૂંટ ચલાવતી હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. ગાંધીનગરમાં રહેતી એક ગૃહિણીએ આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જેને આધારે ગાંધીનગર એલસીબી પોલીસે પાંચ મહિલાની ધરપકડ કરી છે. આ લૂંટારૂ મહિલા ગેંગ દહેગામ તાલુકાના બહીયલ ગામની રહેવી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. આ મહિલા ગેંગે આ મોડસ ઓપરેન્ડી અજમાવીને અનેક લોકોને લૂંટ્યા હોવાની શંકાને આધારે પોલીસ ઝીણવટભરી તપાસ કરી રહી છે.

### કોલેજોમાં લેબ સહિત ઘણી આવશ્યક સુવિધાઓનો અભાવ

## ગુજરાતની ૬ આયુર્વેદ કોલેજોની માન્યતા રદ્દ કરવામાં આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીએ રાજ્યની ઘણી આયુર્વેદિક કોલેજોમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે કડક પગલાં લીધા છે. યુનિવર્સિટીએ આ વર્ષે અમદાવાદ, ગાંધીનગર, કલોલ, મહિસાગર, આણંદ અને ગોધરા જિલ્લામાં આવેલી ૬ આયુર્વેદ કોલેજોનું જોડાણ રદ કરવાનો નિર્ણય લીધો છે. જેમાં અમદાવાદની એક સરકારી કોલેજનો સમાવેશ થાય છે.

સામાન્ય રીતે સરકારી કોલેજોમાં આવી કડક કાર્યવાહી ભાગ્યે જ જોવા મળે છે, પરંતુ અમદાવાદની સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજમાં ઓપીડી અને આઈપીડી ત્રણ અલગ-અલગ જગ્યાઓ હોવાથી જોડાણ રદ કરવાનો નિર્ણય લેવાયો છે. અખંડાનંદ આયુર્વેદ કોલેજ સિવાય બાકીની પાંચ સેલ્ફ ફાયનાન્સ કોલેજોનું જોડાણ રદ કરવામાં આવ્યું છે. જે કોલેજોનું જોડાણ રદ કરવામાં આવ્યું છે તેમાં સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજ, અમદાવાદ, શ્રી બાલા હનુમાન આયુર્વેદ કોલેજ, ગાંધીનગર, અનન્યા કોલેજ ઓફ આયુર્વેદ, કલોલ, ધન્વન્તરી આયુર્વેદ કોલેજ - હોસ્પિટલ, મહિસાગર, ભાર્ગવ આયુર્વેદ કોલેજ, આણંદ, જય જલારામ આયુર્વેદિક મેડિકલ કોલેજ ગોધરાનો સમાવેશ થાય છે. ગુજરાતમાં કુલ ૨૯ આયુર્વેદ કોલેજો કાર્યરત છે, જેમાં ૨૪૦૦ બેઠકો ઉપલબ્ધ છે. પરંતુ ૬ આયુર્વેદ કોલેજોનું જોડાણ રદ કર્યા બાદ હવે ભવિષ્યમાં રાજ્યની માત્ર ૨૩ આયુર્વેદ કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. ૬ આયુર્વેદ કોલેજોનું જોડાણ રદ થવાને કારણે રાજ્યમાં આયુર્વેદ ક્ષેત્રની ૩૩૦ બેઠકો ઘટી છે. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિ ડો. મુકુલ પટેલે જણાવ્યું હતું કે પ્રોફેસરો અને લેબ સહિતની જરૂરી સુવિધાના અભાવે કોલેજો સામે કાર્યવાહી કરવી પડી હતી. દર વર્ષે આ પ્રકારની કાર્યવાહી કરવામાં આવે છે. નિરીક્ષણ, સુનાવણી, એકેડેમિક કમિટી અને બોર્ડ ઓફ ગવર્નન્સ આ બાબતોમાં નિર્ણય લે છે.

### અમરાવાડીમાં બાળકી સાથે છેડતીનો કેસ

## બાળકી સાથે છેડતી કરનાર નરાધમને વીસ વર્ષની કેદ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

અમરાઈવાડીમાં સાત અને આઠ વર્ષની બાળકી સાથે છેડતી કરનાર આરોપી દિપક પ્રકાશભાઈ પ્રજાપતિને પોકસોના ખાસ જજ જયેશકુમાર કે. પ્રજાપતિએ ગુનેગાર ઠરાવીને વીસ વર્ષની કેદની સજા ફટકારી છે. સરકાર તરફથી કેસ પુરવાર કરવા માટે ૧૪ સાક્ષીઓ અને ૪૪ જેટલા દસ્તાવેજો રજૂ કર્યા હતા. આ કેસની વિગત એવી છે કે, અમરાઈવાડી વિસ્તારમાં સાત અને આઠ વર્ષની બાળકી સાથે ગતતા. ૭-૫-૨૦૨૨ના બે માસ પહેલા દિપક પ્રકાશભાઈ પ્રજાપતિએ મોબાઈલમાં નગ્ન ફોટા બતાવીને છેડતી કરી હતી. આ બનાવ અંગે ભોગ બનેલી બાળકીના પરિવારે અમરાઈવાડી પોલીસ મથકમાં ફરિયાદ કરતા આરોપી દિપક પ્રજાપતિની ગતતા.૧૦-૫-૨૦૨૨ના રોજ ધરપકડ કરીને જેલમાં મોકલી આપ્યો હતો. પોલીસે તપાસ કરીને આરોપી દિપક પ્રજાપતિની સામે પોકસો એકટ સહિતની કલમો હેઠળ ચાર્જશીટ મુકયુ હતુ.















માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨